हेन हवे तुने हुं उपाअ कहुं छुं ते कर. कोई अेक मोटा म
नीशनी आवेडी जाग थोतां गळामांथी रतननो को
रकाहाडी बाहार मुकशे ते तुं तेना देखतां लई उडी आ
वने ते हार तारा शालकनां दरने मोहोडे मुक. अेटले ते
मारो नशे. पछे ते कागडीअे तेम करुं. तारे तेहेनी पछ
वाडे चाकरो होडी आवेया ने झाड उपरथी हार लेवा
गआ. तारे शाप दरमांहेथी कुंफाडा मारवा लागो तेने
तरत मारी नांखीने हार लई गआ. माटे हुं कहुं छुं के ने
बुधी छे ते शुं करी न शके. कहुं छे.

नेहेने बुधी छे तेहेने बळ छे. बुधी वगर तेहेने


નથી. તેહેનું અંગબળ કંઈ કામનું નહીં. બુધીબળથકી એક શશલાએ શીંહ મારી નાંખો.

કરટક પુછે છે તે કેમ થયું હશે. દમનક કેહે છે ભાઈ શાંભળ.

---

## કથા. ૯

### શીંહ અને શશલો.



કોઈ એક વનમાં મંદમતી નામે શીંહ રેહેતો હતો તે ઉનમત પણે કરીને જનાવરોને મારતો ફરે. એક દીને શરવે જનાવરો એકઠાં થઈ તેહેની પાશે ગઆં અને વીનંતી કરવાં લાગાં. મહારાજ એ શું. તમે જો એમ જનાવરોને મારશો તો કેટલાએક દાહાડા પછે બધાનો નીરવંશ થશે. પછી તમેજ ભુખે મરશો. માટે તમારી રો



જ તેરસું એક એક જનાવર તમને અમે નીત આપતા જઈશું એટલે તમારૂં અને અમારૂં પણ કામ થશે. કહું છે.

જે રાજા રૈયતની પેરે થોડું થોડું પરજાપાશેથી લેતો જાય છે તે શારી પુશટીને પાંમે છે.

પરજાનું પાલન કરીને ભંડાર ભરાવ્યો જેમ માલી ઝાડને પાલીને તેનાં પુશપ ફલ લીએ છે. અથવા ગાયનું પાલન કરીને જેમ દુધ લઈએ છીએ તેમ રાજાએ પણ કરવું.

પરજાનું પાલન કીધાથી કીરતી વધે ને પીડા કરાથી અધરમ થાએ ને તે રાજા રાજભરશટ થાએ છે.

એવાં જનાવરોનાં વચન શાંભળી શીંહ એ તેવાત કબુલ કરી. પછી તે વારા પરમાણે દાહાડી એક એક જીવ આપતા જાએ. તે જાઈ શીંહ શુખેથી રેહે. એક દાહાડે એક તીવરબુધી હવે નામે શશલો ઘણો ચતુર હતો તેઉપર વારો આવેયો તારે તેણે વીચાર્યું જે હું શાર શીંહને જો મારીશ તો શંઘા જનાવરોને શુખી કરીશ. અને શારસું બીજું શું પુન છે. કહું છે.

પઆશ દેપજ એ અઢાર પુરાણ કહાં તેનો શારાંશ એ છે જે પરોપકાર જેહેવું બીજું પુન નથી.

એહવો વીચાર કરી તે શશલો શીંહનો જમવાનો શમે ટાલીને તેની પાશે ગએો. તેને શીંહ રીશ ચડાવીને બોલે છે રે અધમ તું એક તો નાંનો. બીજું મોડું ક

રી આપેથો મારે તારા ગુનાથી જો હું તને તરત મારૂં·
અને કાલે સંધા જનાવરોનો પણ નાશ કરૂં સો એમાંમ
ને કંઈ પાપ લાગશે નહી· શશલો પગે પડી બોલ્યો કે
સ્વામી ઉતાવળા માં થાઓ અને ધીરજથી મારૂં વચ
ન સાંભળો· આજ સ્વામીની સેવા ચુકી એમાં મારો અ
પરાધ નથી અને નથી સંધાં જનાવરોનો પણ· હું નાં
હાંચલો મારે સંધાએ વીચાર કરી મારી સાથે બીજા ચા
ર શશલા મોકલા તે અમે મારગે આવતાં વીચરમાંહે
થી એક શીંહ નીકલ્યો તેણે અમને અડાવ્યા અને પુછ
વા લાગો તમે કાંહાં જાઓ છો· મેં તમારૂં નામ લીધું· ત્યા
રે તેણે કહું આ વનનો રાજા હું છઉં· મંદમતી તો ચોર છે·
અને જો તે રાજા હશે તો મારી પાશે એ ચાર શશલાઓ
ને મુકી તેહેને હું લઈ આવ· તેહેના માહારા ચાર હાથ
થયા પછી એમાંથી જે જીતશે તે તમારો રાજ કરશે·
એમ કહી મોહોડામાંથી તમારૂં જે વાંકું બોલ્યો છે તે મા
હારાથી નથી કેહેવાતું· તે સાંભલતાંજ શીંહ બોલ્યો
કે એવું છે તો તે ચોર કહાં છે તે મને અત્તરઘડી દેખાડ
કે હું તેને મારીને માહારી પરથવી પાછી લઈશ· શશ
લો બોલ્યો સ્વામી ખરૂં કહો છો પણ તે કીલામાં છે ને
કીલામાંનો શત્રુ બલવંત કહો છે·

હજાર હાથીએ લાખ ઘોડાએ જે નથી થતું તે એ
કલા કીલાએ થાય છે·

કીલાના બુરજ ઉપર રહીને એકલો માણસ સો



ને હેરાન કરે છે·

દાઢ વગરનો સાપ· મદ વગરનો હાથી વશ થાએ છે
તેમ કીલા વગરનો રાજા પણ·

શીંહ બોલ્યો રે કીલાવાલો છે તોએ પણ મને દેખા
ડ કે જેટલા સુધી તે વધ્યો નહી તેટલા સુધી મારી કાઢું· કહું છે·

શત્રુ તથા રોગ તથા દેવું એ વધ્યાં નહી તેટલામાં
જ નથી મારી કાઢતો તે બલવંત છે તોએ પણ તેઉના
હાથથી પછે મારો જાઅ છે·

શશલો બોલ્યો કહ્યું છે તોએ પણ તેનું બલ જાણ્યા
વના તે ઉપર જવું તમને ન ઘટે· કહું છે·

શત્રુની શક્તી ન જોતાં જે ઉતાવલો થઈ તેના
ઉપર જાઅ છે તે પતંગ જેમ અગન ઉપર નાશ પામે છે તે
મ નાશ પામે છે·

શીંહ બોલ્યો રે તું ઘણી વાતો ન કર તે ચોરને દે
ખાડ· તે સાંભલી શશલો બોલ્યો સારૂં તો ચાલો· દેખાડું
છઉં· પછે તે બે જણા એક વાવડી પાસે આવેયા· તારે
શશલો શીંહને કેહે છે માહારાજ તમારા પરતાપ આગ
લ કોણ ટકી શકે એ તો નાહાશીને પોતાના કીલામાં
બેઠો· ચાલો આપણ તેહેને તાંહાંથી સોધી કાહાડીએ
પછે શશલો કુવાના કાંઠા ઉપર ગયો· માંહે જોઈ શીંહ
ને તેડીને કેહે છે· સ્વામી જોઈ લીયો· આ તમારો શત્રુ·
શીંહ કુવામાંહે જુએ છે તારે તેણે પોતાની પડછાયા
પાંણીમાં દીઠી તેહેને શત્રુ એમ માની હાંક મારયા

લાગો તાહારે માંહેથી પડશાદ થયો. શંઢીએ જોએ કે
રથી તો તેણે પણ ફેરવી. એ હાથ પગ અફાલે તે લેઈ
રીશે કરીને શંઢીનું માથું ફેરે પછી તે કુવામાં કુદી પડો.
ને મરણ પાંમો. માટે હે કરટક તને કહું છું. જેહેને બુધી
છે તેહેને બલ છે. ને કે શંઢી કેટલો અને શશલો કેટ
લો પણ બુધીએ કરીને પેલાએ પેલાનો પરાણ લીધો.
કરટક બોલો ત્યારે કાકતાલ રીતે કરીને શશલો અંત
પામો. માટે તે દાબલો લઈને એકાદો નબલો શબલા
શાથે લાગે તો પોતાનો પરાણ મુકે. માટે મોટાઓની
વાતમાં આપણ પડીએ નહીં. દમનક બોલો એ તો તા
હારી નામરદીની વાતો છે. ને આપણ શાથે જેમ વા
લે તેહેની શાથે આપણ તેમ વાલીએ. નબલાએ ત
થા શબલાએ પણ ઢીલા થઈને પરેતન મુકવો નહીં.
કહું છે.

ને શહા પરેતન છોડતો નથી તેનું કારણ શીઘ
થાએ છે. પરાકલન ઊપર ત્યારતો શુરજ રાજે છે. પરેત
ન કીધો ને ને કામ ન બનીઆવે તો પછે આપણા ઊપ
ર દોષ નહીં.


ને એક શાલવીએ ઊદીઓગ કરો તો રાજકુંના
પાંમો. તે કથા કહું છું શાંભલ.

---



## કથા ૧૦

### શાલવી અને રાજકુંના.



ગોડદેશમાં વીરાટનામે નગર છે તાંહાં એક શા
લવી અને બીજો શુથાર એ બેઊને માંહોમાંહે મીતરાઈ
ઘણી હતી. એક અવશરે કોઈ મોટું પરબ આવેથું તે દીવ
શે માતાની જાતરાએ બેઉ જણ ગઆ. તાંહાં રાજા મક
રધ્વજની દીકરી દરશણ કરવા આવી હતી તેહેને દેખી
શાલવીને કામ લગો તેથી ઘણો દુખ પાંમવા લાગો. ત્યારે
શુથારે જેઈ વારે ઊં પણ તેનો કય દામ નઆવે. એટલે
શુથારે વીચારું ને કામવીકારથી મારો મીતર મરી જશે.
તે માટે કાંઈ ઊપાઅ કરું. શુથાર મોટો કારીગીર હતો તેણે
એક લાકડાનો ગરૂડ ઘડો તે ગરૂડને હેવી કલ કીધી ને
તે દાબાથી આકાશે પંથે કરીને ચીતવે તાંહાં જાઅ. તેમ

न ओलाकुडाना हाथने शंख चकर गदा पदम परगट थ्या
थयां. पछे ते शालवीने श्रीवीशणुनो वेश धरी गरुडप
र बेशाडीने कल दाबवा शीखवी तेणे करीने तेज राते ते
राजकुंवरना मेहेल पर गयो. ने गरुडने छापरा उपर सु
कीने बारीमांहेथी राजकुंवरना पलंग पाशे आवेयो ने
तेने सुती उठाडीने बोलेछे रे राजपुतरी तुं जन पामी
श. हुं वीशणु ताहारो उधार करवा वईकुंठथी आवे
यो छुं.

एहेवुं शालवी राजपुतरी सुवेछे तो जयो वीश
णुनो आकार दीठो तारे मनमां वीचार करेछे के मारुं मो
टुं भाग्य ने मारे मंदीरे श्री भगवानजी पधारा. एम घणी
हरख पांमी. पछी पलंग उपरथी उतरी हाथ जोडी आ
गल उभी रही एटले शालवी बोलो हे राजपुतरी शां
भल. तारी कुशेण महने आवी तुं अगाउ भवे मारी अश
तरी हुती तें माहारो अपराध कीधो हुतो तेथी मे तुने श
राप आपेयो. एटले तुं राजपुतरी थई हुये तुने शरा
पथी छोडावी ने वली परवा आवेयो छउं. ते शाथसुं
शाचुं मानीने राजपुतरी राजी थईने भगवानने छो
डी हुवे जीवतनी ईछा कोण करे पछे ते शालवीए गंधर
वबीवाह करी ते राते ज राजकुंवरी साथे संसारनां सुख भो
गवां. परभाते घेर जवा लागो. एटले राजकुंवर बोली
अरे महाराज माहारो पाणी ग्रहण करी हुवे केम छोडीन
जाओछो. शालवी बोलो रे असतरी तुं चींता नहीं कर.



तारी पाशे नीत आवीश. पण कोई आगल ए वात क
हीशमां केम के लोक मने शुखे रेहेवा नहीं देशे. तारा पी
ताने ज्यारे शंकट पडशे त्यारे तने काम तरत होडो आ
वीश. एम कही शालवी गरुड उपर बेशी पोताने घेर
आवेयो. ए रीते ते शालवी राजकुंवरी पाशे नीत आव
तेना जोगथी राजपुतरी उपर गरभनां लखशण दीश
वा लागां ते रखवाले दीठां ने पुरुश तो कांहांथी पेशी न
शके अने ए केम थउं हशे हेवुं वीचारी तेओए राज
आगल तथारथ वात कही. राजा चींतातुर थयो. ते
णे राणीने कहुं. राणीए जई जोउं तो रखवाले कही
ते वात शाची मली. पछे दीकरीने पुछुं तारे तेणे शर
व वरतमान कहुं. माता घणी खुशी थईने तेणे राज
आगल कहुं. राजा बोलो जे आपणी नजरे देखीए ते
वारे शाचुं. पछी माताए पुतरीने कहुं के हमने दरशन
कराव. पुतरीए कहुं पुछीने कहीश. पछे राते शालवी
आवेयो तेने शरव हकीगत कही. शालवीए कहुं जे ज
लीमांथी शुखेथी दरशन करे. पछी राजाए तेमज करे
ते नजरे देखी राजा राणी घणां हरख पांमां ने आप
णां मोटां भाग्य ने भगवान आपणा जमाई थआ.
पछी ते शालवी शुखेथी आवजा करे ने आनंद करे. ए
वामां राजा वीरे ते छोकरीनी कीरती शांभलीने तेहेने
मागवा मांगश मोकलां तेउए राजा मकरधवजने
कहुं जे ताहारी छोकरी आप. नहीं तो शंगराम कर. ते

શાંતસી રાજાએ વીરનાં માણશોને મારી કહાડાં. તે વારે રાજા વીરને ક્રોધ ચડો ને ચતુરંગી શેના લઈ મડ રંગણનું શેહેર ઘીરી વલો એટલે પરજા દુખ પામવા લાગી. પછે રાજાએ નઈ છોકરીની પરાર્થના કરી. છો કરીએ શાલવી આગલ વાત કરી તાહારે શાલવી વીચાર કરવા લાગો કે હવે મહને જેણી કોરથી મરણ આવેછું. ને લડતાં અશાતરી લાજ તો તેહેના વીજેગ થી મરી જઈશ. અને જો જુધ કરવા જઈશ તોપણ મરી જઈશ. માટે જુધમાં મરીશ તો શારૂં ને મને સ્વરગ મલશે. હેવું વીચારીને શાલવીએ કહું જા તાહારા બાપને કેહેકે શવારે લશકર લઈઆર કરી લડવા માંડ હું તને શાહાજ થઈશ કંઈ ચીંતા માંકરીશ. પછે શવારમાં તે શાલવી ગરૂડઊપર ચડો અંગમાં શુરાપણું ચડું છેને મારી ચકચુર કરૂં. તે શમે એ વાત વીશણુને ખબર થઈ પછે વીશણુએ વીચારૂં જે એતો મારો નરો પણ લોક એમ કેહેશે કે રાજા વીરે વીશણુને મારેઓ. એટલે મનુશ લોકમાં મારો અપજશ થશે હેવું વીચારી વીશણુએ ગરૂડને કહું કે ગરૂડ આજ તો માણશલોકમાં શાલવીએ આપણી લાજ જોવાનો ઊપાએ કરોછે તો હવે શું કરીએ. ગરૂડ બોલો કે માહારાજ તેની અરદાશ કરો તેમ આપણી મોટાઈ રેહે. પછે શ્રીવીશણુએ પોતાનું તેજ શાલવીમાં મુકું ને ગરૂડે લાકડાના ગરૂડમાં મુકું તે શમે તે શાલવી વીશણુનું સ્વરૂપ બની રહો. તે દૈતુક



ઈદરાદીક દેવતા જોવા આવેવા. પછે શાલવીએ શંખ વગાડો તેથી શતરૂનું લશકર મુરછા પાંમી પડું એટલે ચક્કર મેલું તેથી ઘણાં જરાં લશકરનાં માણશોનાં માથાં કપાણાં. તેવારે રાજા વીર પોતે નાહાઠો અને શાલવીની રૂતે થઈ. માટે હે કરટક જો તું શલાહ આપેશે તો જુધીનો ખેલ કરીને જેહુમાં વીરોધ પાડીશ. કરટક બોલો એહેવું છે તો તું ચુજે જા અને તાહારૂં મન ગમતું કરજે. પછી શંજીવક પોતે પાશે નહી એહેવો શમો જોઈને દમનક પીંગલ રાજા પાશે ગએો ને જોહાર કરી આગલ ઊભો રહો. તારે પીંગલ પુછેછે કે કાંહાંથી આવેવો. ઘણે દાહાડે દીઠો. તને કુશલતો છે. દમનક બોલો કે માહારાજ તમારે તો અમારૂં કામ નથી માટે આવતા નથી. પણ જારે તમારૂં કંઈ અનહીત દેખીએ તારે અમારો જીવ જલે છે. ને તે તમને કહાવગર નથી રેહેવાતું માટે આવેવો છું. કાંને કહી છુટીએ પછી આપણા ઊપર દોશ નહી. હે શવામી.

મીઠું બોલનારાતો ઘણા મલેછે. પણ કડવું અ
ને હીતકારી વચન ના બોલનારા તા શાંભલનારા કઠણ.
આપણે તેનું કલાંણ ઈછીએ તેના શારાની પાલ
વગર પુછાથી પણ કહીએ. પછે તેને તે મીઠી લાગો કે ક
વી લાગો. શારી લાગો અથવા માઠી લાગો.

પીંગલ બોલો અરે એવું શું છે તે કેહે. દમનક બોલો કે દેવતા તમારો વાહાલો જે શંજીવક તે આજ મારી

પાશે એકાંત એમ બોલતો હતો રે દમનક તું માહારો મીતર માટે તારી આગલ કેહેવાની કાંઈ ચીંતા નથી હું પીંગલ પાશે એટલા દાહાડા રહ્યો તેથી તેની બુધીની અને શગતીની મને ખબર પડી. તેઊપર મેં એમ ધારૂં છે જે એને મારીને હું રાજા થાઊં અને તને કુલ અખતીઆરી પરધાન કરૂં. કેમ એ વાત ઠીક છે. મેં કહું ઠીક છે. માટે હે શાવામી હવે તમે તમારૂં નેઈ લો. શાંહી તે વખત શારજી કહણ વાત શાંભલીને અચેત થઓ. તે જોઈ દમનક કેહે છે હે રાજા વચન છે કે.

જે રાજા એકલા પરધાન ઊપર શઘલા રાજ્યનો કારભાર શોંપે છે તે પરધાનને પછે ગરવ થાએ છે. અને ગરવથી તેહેને રાજાનું વચન શેહેતું નથી માટે તેહેની શતા હેઠલ રેહેવા ચાહાતો નથી પછે રાજાનો નાશ કરીને રાજાની ઈછા કરે છે.

પીંગલ બોલ્યો રે દમનક એ તું શું કેહે છે રે તેહેને હું માહારા ભયશારનો ચાહું છું તે મારા ઊપર એવી બુધીન હી કરશે માટે માહારા મનમાં તેને વીશે વાંકું આવતું નથી. દમનક બોલ્યો શાચી વાત પરીતનું લખશાણ એમ જ છે તેમાં તમારો શો વાંક. કહું છે.

ઘણા રોગથી ભરેલું હોએ એવું પણ પોતીકું શરીર પોતાને વાહાલું લાગે છે તેમ શારો અગર માઠો પણ જે વાહાલો તે વાહાલો જ લાગશે.

પણ શાવામી એ શંજીવક પાશેથી તમારે શોઓ



નફો ને તમે એટલી મમતા તે ઊપર રાખો છો. એના થી તમારા શતરૂ મારા ભએ નહીં. હેની શંગતથી તમને મોટાઈ મલે છે તે પણ નહીં અને વલી મનનો ખોટો તો હેવા નીરગુણીને પાશે રાખવાનું શું કારણ તે કહો. મહારાજ જે દુરજન તે દુરજન જ. કહું છે.

દુરજનની ગમે તેટલી શેવા કરો અંતે પોતાનો સ્વભાવ મુકે નહીં. જેમ કુતરાની પુંછડી વાંકીની વાંકી.

દુરજન ઊપર ઊપકાર કરા તે ફોગટ ગઆ. મુરખ આગલ શુભાશીલ કહું તે ફોગટ ગઊં. ને શાંભલનાર નહી તેને હીતની વાતો કહી તે ફોગટ ગઈ.

પીંગલ બોલ્યો રે તે વાત શાચી. પણ જે મોઢેથી આપણ એકવાર જેહેનું શારૂં બોલ્યા તેજ મોઢેથી તેનું માઠું બોલીએ નહીં. કહું છે.

મોટા છે તે દુરજન પર કોપતા નથી. જેમ શેરડી ચેકરમાં નાખી હોએ તો એ પણ કડવો રશ નહી આપે.

પેહેલાં કોઈ શાથે પરીતજ નહી કરીએ. કીધી તો નીત વધારતા જઈએ. આપણ જેને વધારીએ તેને આપણજ ઊતારીએ તેમાં આપણી મોટાઈ નહીં.

જે આપણું શારૂં કરે છે તેહેની શાથે શારાવાલા તેમાં વધતું શું કર્યું. પણ જે ભુંડું કરનારને શારૂં કરે છે તેને મોટા કેહે છે.

મારે એ શંજીવક મારૂં મનમાં ભુંડું ચીંતે છે તો પણ હું એનું શારૂં જ કરીશ. દમનક બોલ્યો મહારાજ તમે ક

હોછો એ વાત શાચી પણ એ રાજાનો ધરમ નહી. તમે
એની મીતરાઈ કરાથી તમારૂં રાજકાજ બધું ગયું તેમ
આથી શારપે જનાવરો તમથી વેગળાં થઓં કારણ કે તમા
રે હાથે તેઓનું પાલન થતું નથી હવે તમે રાજ શાહાના
મારે તેની શંગતથી એટલો અપગુણ થએો તેને છોડી
જે એમાંજ શારૂં. કહુંછે.


એક પાણી તે તપેલા લોઢાઉપર પડે તો નશ
મ થાએ. કમલનાં પાંતરાઉપર મોતી શરખું દીશે. શી
પમાં પડું તો મોતી થાએ બુધીશાને પણ તેમજ. જેહેવી
શંગત લાગે તેહેવો થાએછે. માટે નીચનો શંગ છોડીએ.
તેં જેહેનો આચાર શારીપેઠે નથી જાણો તેટલા શુધી તે
હેની શંગત કરીએ નહી. જેમ એક જુએ માંકણનો શ
ભાવ નજાણતાં તેની શંગત કરી તો મરણ પાંમી.

પીંગલ પુછેછે તે કેમ થઉં હશે. દમનક કેહેછે રા
જા શાંભળો.



## કથા. ૧૧

## જુ. અને માંકણ.



કોઈએક રાજાના મંદીરમાં મનને રમાડે તેહેવી
શેજ હતી. તેની ઉપર એક મંદમતી હવે નામે જુ રેહેતી
હતી તે અમરત શરખું રાજાનું લોહી પીએ ને શુખેથી
કાલ કાઢે. એક શમે પવને ઉડાવેલો દુકુ નામે કોઈ માં
કણ તે શેજ ઉપર પડો તે શઇત જરઇ જેહેવી અને નર
મ માંખણ જેહેવી રાજાની શેજ જોઈ મનમાં હરખ પાં
મો. તે ઉપર ધીહીં લીહાં જમેછે તેને તે જુ મલી ત્યાહારે
બોલીરે બુરજ આ રાજાના મંદીરમાં આવપાનું તાહા
રૈ શું કામ. તું આંહાંથી તરત જા. નહીં તો મારો વધ શ
માંકણ બોલો રે બાઈ તું ગરહ શાત દેખાએછે માટે એ
મ માંકેહે. કહુંછે.

પરજાને રાજા મોટો. છોકરાંને માબાપ મોટાં. ના
અેડીને માંટી મોટો અને શંધ્યાઓને પરાણો મોટો.

ઘરબારીનો આચારમ છે કે કોઈ હલકો માંણશ
પણ આપણે ઘેર પરોણો આવેયો તો તેનો આદરમાન
બોલી એમ કેહેવું. આવો બેશો ઘણે દાહાડે તમને દીઠા
તમને જેમ કુશળ તો છે. ઘણા નજરા દીશો છો. આજ
આનંદનો દીવશ ને તમેં મળા.

મારે હું તારો પરોણો ને આશા ભરેલો આવ્યો છું
જુ બોલી તું શું ચાહે છે. તે બોલો મેં આજ શુધી ઘણાં ત
રેહનાં માણશનું લોહી ખાધું પણ તેમાં કાંઈ મીઠાશ લા
ગી નહીં. રાજા મીઠાં મીઠાં પાનાં ખીત ખાએછે માટે એ
નું લોહી અમરત શરખું હશે તે રખું મને ખાવાડ તેવારે
તે મારી બલસીએ લાલ છુટે છે. કહું છે.

શારૂં ખાવું એ કરતાં મરતુલોકમાં બીજું મોટું કંપ
છે શુખ નથી. ખાવાને કાને શાંભળા પરેતન કરે છે. પેરજે
નહોએ તો કોઈનો કોઈ ચાકર થાએ નહીં. કોઈનું કોઈ
શાંભળે નહીં. ચાકરી કરવી. બોટું બોલવું. નીચની શં
ગત કરવી. પરદેશ કરવો. એ શંધાંયાનાં એક ખાપેટ
ને કાજે.

જુ બોલી રે ભાઈ રાજાને શરીરે પેહેં ઉંઘ આવે છે
તારે હું તેહેનું લોહી પીઉં છું. ને તું ઉતાવળો નહીં થાશે
ને મારી શાથે ભોજન કરશે તો મારે છજ્યાં રેહે. તેબોલો
શારૂં. એમ તે બેજણાં વાત કરે છે એટલામાં રાજા શુવા



આએયો તેવારે તે માંકણને ધીરજ રહી નહીં ને તેને ઉં
ઘ આવી નહીં એટલામાં જ છીંથરકો લીધો. બુએ ચા
રે તોએ પણ તેનું માનું નહીં. કહું છે.

જેહેનો ને શપલાય તે તે મુકે નહીં પાણી તપાએ
શું તોએ પણ ઠંડું થાએ છે.

તે વેળાએ અંગાર જેહેવું તેહેનું મોહોડું રાજાના
કોમળ શરીરને લાગતાં જ્યાર તેના શરીરને અગનથ
ઈ તાહારે બીછાના ઉપરથી ઉઠીને શેપક લોકોને કે
હે છે રે મને શું કરડું. તે દીવો લઈ બુઓ. શેપક દીવો
લાવે તેટલામાં માંકણ તો નાહાશીને પલંગની શાંધ
માં ભરાઈ ગઓ. ને જુ છોડી શકી નહીં. તેહથી લાગી
તેને તેઉએ તરત મારી નાંખી.


માટે હે રાજા શંકયકને મારશો તોજ શારૂં. ન
હીં તો એના કરતાં તમે મરણ પાંમશો.

બીજું પણ જેણે પોતીકા કુરકીયા ને પારકા પા
શે લીધા તે નાશ પાંમે છે. જેમ એક જશદશેમ રાજા ના
શ પાંમો.

શંહી પુછે છે તે કેમ થઉં. દમનક કેહે છે રાજા
શાંભળો.

## કથા ૨૨

### કકુદ્રુમ શીઆલની.



કોઈએક વનમાં ચંડરવ એવે નામે શીઆલ હતો તે એક વેળા ભુખો ભમતો ભમતો નગરમાં ગયો તેની પછવાડે કુતરાં લાગાં એટલે ભએનો મારો એક રંગારાના ઘરમાં ભરાઈ ગયો. ત્યાંહાં ગલીના રંગનો એક રાંજણ ભરેલો હતો તેમાં પડીને તે રંગમાં રંગાણો. પછી ત્યાંહાંથી નીકલો અને વનમાં ગયો. તેના ડીલે રંગ લાગો હતો તે ગયો નહીં. કહું છે.

મુરખ, આલેડી, વાનર, માછલાં, ગલી અને દારૂ પીધેલું માણશ. એ એકવાર જે લીએ તેહેને છોડતા નથી.

પછે તેને જોઈ શીંહી શુધાં શંઘાં જનાવરો બીક



પામ્યાં અને નાહાશીને આંહોમાંહે વીચાર કરવા લાગાં કે એ નવું કોણ જનાવર હશે અને ઓલખ્યાવીના આપણે એની શંગત કરવી નઘટે. કહું છે.

જેહેના આચાર. પીઢીઆ. કુલ. પરાકરમ. જાણ્યાં નહીં ત્યાંહાં શુધી તે ઉપર વીશવાશ રાખીએ નહીં.

એમ તે જનાવરો ભએ પામતાં જોઈ શીઆલ તેઓને હાંક મારીને કેહે છે રે જીહીશો માં. મારું નામ કકુદ્રેમ. મને બરમદેવે હમણાં શરજીને તમારા ઉપર રાજ કરવા મોકલો છે તો મારી પાશેથી તમને શુખ થાશે. જનાવરો એ તે વાત શાંભલીને તેની આગનામાં રહ્યાં. પછી તે શીઆલે શીંહીને પરધાન કરો. વાઘને શેનાપતી. હાથીને ચોપદાર. વાનરને છતરધાર. એ પરમાણે શહુને અધીકાર આએ પણ પોતીકી જાતને ધકામારી કાહાડી મુકી. પછી શીંહી. વાઘ. અને બીજાં જનાવરો તે તે જીવ મારી લાવે તે શીઆલ આગલ મુકે એટલે તે શંઘાને વેહેંચી આપે. એમ રાજ કરતાં ઘણા દીવશ આનંદમાં ગયા. કોઈએક રાતે બરઈ બેઠું ચાંદરણું પડેલું છે તે શમે પોતાની શેના શમેત શીઆલરાજ બાહાર ફરવા નીકલો એટલામાં પોતાની જાતનું ટોલું આશપાશ હશે તે ભુકવા લાગું તે શાંભલી શીઆલને આનંદ થઓ તેથી પોતે પણ ભુકવા લાગો તે કાને પડતાં જ્યાર તે શીઆલ એમ ઓલખીને શીંહીએ તેને મારી નાંખો. માટે હે રાજા હું તમને કહું છું કે તમે પોતીકા કુર

કરાને પારકા પાશે આવ્યા એમાં તમારૂં શારૂં નહી થાશે. શંહી બોલ્યો રે દમનક માહારી નીશા કેમ થાશે કે તે મને મારવા ચાહે છે. દમનક બોલ્યો રાજા કાલે તમને મરશ્યા એમ તેણે મારી પાશે નીશ્ચય કીધો છે. માટે શભા રમાં આવશે તારે તમારા ઊપર રાતી આંખ કરી જો શે શીંઘડાં લઈ આર રાખશે ને કાન ચડાવશે તે જોઈ જેમ કરવું ઘટે તેમ કરજો. એમ કહીને દમનક રાજાને નમશ કાર કીધો. ને તાંહાંથી નીકલ્યો. તે શંજીવક પાશે ગયો તેને જોઈ શંજીવકે બેશણું આપું ને બોલ્યો ભાઈ કેમ આવ્યો છે તને પ્રેમ કુશલ તો છે કાંઈ તને જોઈતું હશે તો માગ. ને નહી આપવા જેવું હશે તે પણ આપીશ. કહું છે.

આ જગતમાં તેજ પુરૂશને ધન્ય કહીએ. તેહને જ ડાહો કહીએ. ને તેહને જ કીરતીવાન કહીએ. જેહને ઘેર યાચક ઈશાર ભીતર આવીને પોતાનાં કામો કરી જાય છે.

દમનક બોલ્યો. ચાકર માણશાનું પ્રેમ કુશલ શું પુછો છો. કહું છે.

ને રાજાના શેવક તેની દોલત ઊપર તેની શતા નહી તેનું મન થીર નહીં તેને પોતીકા જીવનો પણ ભરોંશો નહીં.

જુવો જુવો ચાકર કેટલા મુરખ કે શરીર શારૂ જીવરાનું તે પણ પઈશાને શારે બીજાને શ્વાધીન રાખે છે.



પેહેલાં એ જગતમાં જનમ એજ લુંડું. દલદરી થવું એ તેથી લુંડું. તેમાં પણ શેવા કરીને પેટ ભરવું એ શઘાંથી ખોટું.

એ પાંચ જણ જીવતા મુઆ કહા છે. દલદરી. રોગી. મુરખ. પરદેશી. ને જે શદા ચાકરી કરનાર.

શેવક જો કદાચ ભરશભાથી ચંચલું બોલે નહીં તો તેને મુંગો કેહે છે. ચંચલું બોલે તો વાચાલ. જો રોહે તો બીહીકણો. નહીં રોહે તો લુંડો.

પાશે આવે તો અમરજાદ. દુર રેહે તો ઘેલશાઈ કેહે છે. માટે શેવા શરખું બીજું કાંઈ કઠણ નથી.

શંજીવકે પુંછું ભાઈ દમનક. તને જે કેહેવું હોએ તે મને શુજે કેહે. દમનક બોલ્યો શું કહું. પરધાનને મશાલત છોડવી ન ઘટે. કહું છે.

ને પરધાન વીશવાશ ઘાત કરી રાજાની મશાલત છોડે છે તે રાજકાજ બગાડીને પોતે નરકમાં જાએ છે.

ને પરધાને મશાલત છોડી તેણે વગર હથીઆરે રાજાની ગરદન છોડી એમ જાણવું.

પણ તું માહારો પરાણ ભીતર મારા વીશવાશ ઊપર છીહાં આવ્યો માટે તને કહું છું. કહું છે.

જેહેના વીશવાશ ઊપર જે મુવો તે પાપ વીશવાશ દેનારને લાગે છે. માટે કહું છું કે પીંગલ તને કાલે મારનાર છે એમ તે પોતે મારી પાશે બોલ્યો. તાહારે મેં

તેને કહું શ્વામી એ તમને ઘટે નહીં. એમાં મીતર દરોહ થાએછે. કહુંછે.

મોટું પુન કરાથી કદાચ બરમહતીઆના પાપથી છુટેછે પણ જે મીતરનો ઘાત કરેછે તે કદાપી છુટશે નહીં.

તારે રાજા રીશે ભરાણો ને મને બોલ્યો રે તે મારો મીતર શાંનો. હું માંશ ખાનાર અને તે ખડ ખાનાર તેનું અમારૂં મુલથીજ વેરછે માટે તેને મારયો એમ મેં નીશચએ કીધોછે. માટે હે શંજીવક હવે તમે તમારૂં શુજતું કરો. એહવાં તે દમનકનાં વચન શંજીવકને લેખે ખરાં માંનાં ને મુરછાંગત થઈને ભોંઅપર પડો. તેહને દમનક શાવધ કરીને કેહેછે હવે બીહીને શું કરાછો ને બની તે બની તેનો શો ઉપાએ. પછી શંજીવક ઉદાશ થઈ બોલેછે ત્યાહે.

વનમાં રહીએ. ભીખ માગીએ. અથવા મજુરી કરીને પેટ ભરીએ એ બેહેતર પણ રાજાનો અધીકાર કરીને શંપત મેલવવાની આશા રાખીએ નહીં.

હું રાજાનો માનીતો છઉં એમ જે શમજેછે તે વગર શીંગડાંનો બેલ જાણવો.

માટે એવી શાથે શનેહ કીધો એ વાત મેં ઠીક કરી નહીં. કહુંછે.

હરણ સંઘાતે હરણે પરીત કરવી. બેલે બેલ શાથે. મુરખે મુરખ શાથે. અને ડાહ્યે ડાહ્યા શાથે પરીત



કરવી.

ને બેઉની શંપત. કુલ. તથા ગનાન બરાબર તેઉની મીતરાઈ અથવા શગાઈ કહીછે. હવે હવે શમે શું કરૂં. તેહને જે શરણ થાઉં તોએ પણ તેહનું મન નહીં માને. કહુંછે.

જેહના કરોધને કંઈ નીમીત હોએ તેને પરશન્ન કરી શકીએ પણ જે વગર કારણે કોપેછે તેહને કેમ થોબીએ.

શંહી કોપો એનું કારણ મેં જાણું જે તે મારા ઉપર ઘણી પરીતી રાખેછે તે પાશેનાઓને શોહતું નથી માટે તેઉએ ઉલટું શુલટું શમજાવી તેને મારા ઉપર કોપાએયો. દમનક બોલ્યો તો તેમાં શું છે. જો તું તેના શમજમાં વાત લાવશે તો તે શમજશે. શંજીવક બોલ્યો હવે શું. જે એકવાર ચુગલી શાંભલવા લાગો તે વલી શાંભલશે. કાંઈ રાજા કાંઈ પોતે જોવા જાતો નથી. ચાકરોની આંખથી જુવેછે. અને ઘણું કરીને ચાકર માંણશ એક બીજાની અદેખાઈથી રાજાની શાચી વાત કેહેતા નથી. માટે ત્યાંહાં રાજાપાશે દુરજનોની અછત નથી પડતી. જે દુરજન છે તે બાહેરથી શાધુ શરખો આચાર દેખાડેછે માટે ઓલખાતો નથી. કહુંછે.


જે દુરજન છે તે પણ નમશકાર કરેછે. આવે તો તેને જોઈ ઉઠ્યો રેહે. પુગાડવા જાય. પરીત દેખાડે. હેતથી આલીંગન કરે. મીઠું બોલે. સ્તુતી કરે. ને એટલું કરીને

પણ અંતે પોતાનું કરમ કરવા ચુકે નહીં.

જેમ ઘણા દુરજનોએ મલીને કપટ કરીને એક બીચારા ઊંટનો પરાણ લીધો. દમનક પુછે છે તે કેમ. શંજીવક કેહે છે. શાંભલ.

## કથા ૨૬

ઊંટને કેહેને દુરજનોએ મરાએયો.



કોઈએક વનમાં કરાલક એહેવે નામે શીંહ રેહેતો હતો. તેહેના તરણ પરધાન. એક વાઘ. બીજો શીઆલ. અને તરીજો કાગડો. એ તરણ પરધાન શમેત તે શીંહ એક શમે જંગલમાં ફરેછે તેણે એક ઊંટ દીઠો. તે જુહાર કરતો કરતો શીંહ પાશે આવેછે. શીંહએ તેને પુછું તું કોણ છે. ઊંટ બોલ્યો માહારાજ. હું તમને શા



રણાગત છઊં. મારો શમાચાર શાંભલો જી. મારો ધણી વનશો એહેવે નામે મોટો વેપારી છે તેણે માહારા શામેત ચાલીશ ઊંટો પર માલ લદો ને લાગાનગરથી જમને મણીપુર નગરે લઈ ચાલો હતો. ત્યાર ઘણો થયો તેથી હું દબાઈ ગયો હતો ને આ વનમાં આવેયો. ત્યારે તો ચાલવાની શકતી રહી નહીં માટે જેહો. ત્યારે મને તેણે ઘણા પરકારથી મારીને ઊઠાડવા કરે પણ શું કરે હું થાકો તે મારાથી ઊઠાઊં નહીં. તે શમે મારા ઊપરથી માલ ઊતારી મને નાંખી દેઈ ગયા તે ચાર દીનશુધી હું એ ઠેકાણે હતો પછી માહારાજ તમારા વનનો વાએરો લાગતાં લાગતાં મને લગરીક હોંશીઆરી આવી ત્યારે તમારૂં દરશન કરવા આવેયો. માહારૂં નામ વીકરએમ કેહેછે. તે શાંભલી શીંહીને દયા ઊપની ને કહું રે આનથી તું ત્યાર નહીં ઊઠાય માહારી પાશે નીરતે રેહેજે. તારી પરતીપાલ કરીશ. તે વેલાએ કાગડો શીંહને કાંને લાગો ને કેહેછે શવામી તમે એ શું કરો. એ આપણે શાતરૂ. વગર મેહેનતે આપણી પાશે ચાલો આવેયો તો એને મારીને લોજન કરીએ. શીંહ બોલ્યો હું હેલ મારૂં નહીં. કહુંછે.

શાતરૂ છે પણ આપણા ઊપર વીશવાશ રાખીને આપણે ઘેર આવેયો તેને મારીએ તો જનમ હતીઆનું પાપ લાગેછે.

પછી તે ઊંટ શીંહ પાશે શુખેથી રહો. એક દાહાડે

શાંહીને હાથીશાથે લડતાં હાથીના દાંત ભાગા તેથી ઘણો નજમી થઓ. ઊઠી શકે નહીં. તારે પરધાનોને બોલો કે કોઈ બનાવશે બોલી લાવો કે મારીને લોન કરીએ. તારે તે શંઘા પરધાનો ઊંટ શમેત રાનમાં ઘણા ફરા. પણ કાંઈ મલ્યું નહીં તેશમે ઊંટને એકુગમે રાજીને શીઆલ બીજા જે પરધાનાને બોલે છે આપણ અમશતા રબડી શું કરીએ ઊંટને મારી આજનો દાહાડો કાહાડી લઈએ તો શારૂં તેહેને કાગડે કહું કે શું કેહે છે. શાંહીએ તેહેને અભય આપેલું છે તો તેહેને કેમ મરાએ. તાહારે શીઆલે જુગતી બનાવી ને કહું કું શાંહીપાશે નઈ હીકકરે છઊં. તમે ઘેહાં રહો. પછે શીઆલ શાંહીપાશે ગઓ ને જોહાર કરી બોલો માહારાજ અમે રબડી રબડી થાકા પણ કાંઈ મલ્યું નહીં તો આપણી પાશે ઊંટ છે. તે શારીપેઠ બનેલો છે. આગના કરશો તો મારીને તેહેનાં માંશથી આજનો દાહાડો કાહાડી લઈશું. શાંહી રીશથી બોલો રે પાપી મેં તેહેને અભય આપેલું છે તેહેને મારીને શું માહારા ઊપર પરાશ્ચીત નાંખવા ચાહે છે. કહું છે.

ગાઅદાન. લોંઅદાન. અંનદાન એ શાઘલાં દાન અભયદાનથી બરાબરી કરે નહીં.

શીઆલ બોલો શ્વામી તમે કહો છો તે ખરૂં પણ જો પોતે થઈને મારો કેહેશો તો મારશો કે નહીં. શ્વામીને પથ લીધું જોઈએ. ને ચાકર થઈને શ્વામીને



કાલે ન આવીએ તો બચીને શું કરવું છે. શ્વામીના બચને કંઈ થઊં તો પછવાડે અમને મરવું પડશે. તો કયે શેવા માંન કાં પરાણ નહીં મુકીએ. કહું છે.

જે કુલમાં જે મોટો છે તેને શંઘાને મલી રાખવો ઘરે કાંકે તેનો નાશ થઓ તો શંઘાઓનો નાશ થઓ જેમ ચાકનો નાલી તુટે તો પછે આરા નથી ચાલતા.

તે શાંભલી શાંહી બોલો જેમ હશે તો તને જેમ શારૂં દીશે તેમ કર. પછી શીઆલ પાછો ચાઘ કાગડા પાશે આવેયો ને ઊંટને પાશે તેડીને કેહેવા લાગો રે ચાલો ચાલો હવે કંઈ બનાવ રશોધીને લઈનવું એરલી અપઘી રહી નથી લુજથી શાંહી ઘભરાણો છે તો આપણામાંથી એકેકણાનો પરાણ આપીને જો નહીં બચાવશું તો ભરત તે મરી જશે. પછી આપણે શેવક શાહેબમાંના કહું છે.

પોતાનો બપ આવે પાથી રાજ બચે છે. અથવા રાજનું કલ્યાણ થાએ છે હવે શમે જે શેવક બપ નથી આપતો તે નરકે જાએ છે.

જેમ શીઆલના બોલ શાંભલી શરવે કુજી થઆ ને શાંહીપાશે ગઆ તેઓને શાંહી પુછે છે રે કંઈ લઈ આવેયા. તારે કાગડો બોલો શ્વામી અમો ઘણો પરેતન કરો પણ કંઈ મલું નહીં. મારે હવે મને મારો. તો શ્વામીને કાલે લાગું ને સ્વર્ગે જઊં. કહું છે.

ને શેવક શ્વામીના કામ ઊપર પરાણ મુકે છે તે

મુઆ પછી સ્વરગે જાઅ છે કે જે ઠેકાણે ઘરડાપણું નહીં રો
ગ અથવા મરણ એ પણ કંઈ નહીં.

તે કાગડાનું વચન સાંભળીને શીઆળ બોલો.
અરે ભાઈ કાગડા તારૂં શરીર નાહાનું તે ખાઈને સંહીરા
જાનું પેટ નહીં ભરાશે. કહું છે.

પેહેલાં કાગડાનું માંસ અપવીત્તર ને વળી કુતરા
નું એઠું તે પણ થોડું ને પચવું કઠણ એહેવું મેળવીને જે
ખાધું તો તરપતી નહીં થાએ ને પાપ માતર લાગે.

માટે કાગડા તું વેગળો થા. પછે શીઆળ બોલો સ્વા
મી મને મારો. કહું છે.

સ્વામીના સંકટ સમે પોતાના પરાણ ને ધન જે
ચાકર તેને આપે છે તે સ્વરગમાં અખેઆવાસ રહે છે.

તે સાંભળી વાઘે શીઆળને કહ્યું રે તું દુર થા. તેં પો
તીકી અસલાઈ દેખાડી એટલામાંજ તુને સ્વરગ મળશે.
પછી પોતે સંહીને બોલો હે સ્વામી શીઆળનું માંસ
ખાવા જોગ નહીં અને નાહાનો પણ છે માટે મને ખાઓ.
કહું છે.

જે સેવક સ્વામીના કારજ ઉપર ખુશીથી મરણ
પામે તે સ્વરગલોકમાં વાસ કરે ને તેની કીરતી પરથવી
ઉપર અજેઅ રહે.

એમ વાઘનાં વચન સાંભળી ઊંટે વીચાર કરો કે એ
વાઘ આઓએ સારી સારી વાતો કરી. પણ સંહીએ કોઈ
ને મારેઓ નહીં તેમ મને પણ નહીં મારે. પછી પોતે આ



ગળ થઓ ને વાઘને કહ્યું રે તું દુર થા. હું કંઈ સ્વામીની
વીનંતી કરૂં છઉં. પછી સંહીને બોલો મહારાજ એ વા
ઘ નખી છે ને તમે પણ નખી છો માટે એક જાતના ઠરાક
કહું છે.

જે કોઈ આપણી જાતીનું ભાહું કરવા ચાહે છે તે આ
લોકમાં ને પરલોકમાં પણ દુખી થાએ છે. માટે હે સ્વા
મી મને મારો. કહું છે.

જે ગતી જગન કીધાથી નથી મળતી. જોગીને પ
રાપત નથાએ તે ગતી સ્વામી કાજે મુઓ તેને પરાપત
થાએ છે. એવાં વચન ઊંટના મોહોડામાંથી નીકળતાં
જ ચાર વાઘ અને શીઆળે તેહેનું પેટ ફાડું. કાગડે આં
ફોડી ને મારી નાંખો.

માટે હે દમનક. રાજા પીંગળ પાસે એહેવા કુર
રી છે તે કોઈ દાહાડે માહારો ઘાત કરશે. ને રાજા
રો છે પણ તેની પાસેના લોક સારા નથી તેહેની
: નહી રહીએ. ને જે રાજા ભુંડો છે પણ તેની પાસે
રહેનારા છે તો તેહેની પાસે રહીએ તો અપશુકન થા
કે છે પણ જાંહાં ચુગલી કરનારા છે તાંહાં નહીંજ રહીએ
પા મો.

ટીટી: ચુગલી કરનાર છે તે સાપથી પણ ભુંડો કાં કે
ડંખ મેલ્લો અડકનાર અથવા મારનાર તેનેંજ ડંખ કરે છે
ગંડાં રે ચુગલી કરનાર તે એ કાંઈ લેતો નથી તેનો સ્વ
કુલ છે કે બીજાનું ભુંડું કરવું.

માટે એહવે શામે જુધ કરૂં કે દેશ મુકીને જઉં. તે મને કહે. તું મારો મીતર જાણીને પુછું છઉં. દમનક બોલો. જુધ કરવું એ મને શારૂં દીશેછે. કહું છે.

આપણો ગુરૂ છે પણ જો એ કુકરમ કરયા લાગો ને શાંભલતો નથી તો તેનું પારપતક રીએ.

જાઈ તું દેશાંતરે જઈશ તો તાંહાં પણ શુખ નહી પામીશ. કહું છે.

મોટા શાથે વેર પડું હોએ તો તે દેશાંતરે પણ જડે છે. માટે જુધ કરવું એજ શારૂં. કહું છે.

જુધ કરતાં જે મુવો તે સ્વરગે જએછે જયો તેની કીરતી થયેછે. માટે શુરાઓને એ બેહુ વાતમાં ટોટો ન થાએ.

તપશા કરનારાને અથવા દાન કરનારાને જેસો કની પરાપતી થાએછે. ને જુધમાં મુઓ તેને તેથી ઉંચા લોકની પરાપતી થાએછે.

શંજયક બોલો જાઈ તું શાચું કેહેછે પણ જે જુધ કરયા વીશારેછે તે પેહેલાં શતરૂને મારી શકએમ ન ઊમેદ રાખેછે. તે હું કેમ રાખું. હું જેલ તે શંહી હું તેને મારી શકીશ. એ વાત તમારા શપનામાં પણ નહીઆવે મારે જુધ કેમ કરૂં. દમનક બોલો એમ માં કેહે ને શબલો પોતાના ડીલમત પણે કરી નબલાને નડેછે તે શમે તે નબલો હીમત પકડી લડયા ઊભો રેહે તો તેહેને ધરમે શયર શાહે થઈને શબલા પર જીત આપેછે. તે



મ એક ટીટીડાએ શમુદરને જીતો. શંજયક પુછેછે તે કેમ. દમનક બોલો શાંભલ.

## કથા. ૧૯

### ટીટીડો ને શમુદર.



કોઈ એક ઠેકાણે શમુદરને કાંઠે ટીટીડ પંખીનું જોડું રેહેતું હતું. એક શમે ટીટીડી પેટથી રહી તારે ટીટીડાને કેહેછે હે શવામી માહારા જણવાના દાહાડા પાશે આવ્યા માટે કાંઈ રૂડું ઠેકાણું આગલથી જોઈ રાખો તો શારૂં. ટીટીડો બોલો રે અશતરી આ શમુદરને કીનારે તું ઈંડાં મેલ. તે બોલી પુનેમને દીને પાણી ચડેછે તારે મારાં ઈંડાં શમુદર લેઈ જશે. તે બોલો રે અજ્ઞ શું કેહેછે. શી તાકત છે કે મારાં છોકરાંને શમુદર લેઈ જશે. માટે તું ઈંડાં

ઈહાંન મેલ. કહુંછે.

જે નર જીવની બીહીકથી પોતાનું ઠેકાણું મુકી જાયછે તે નરની માતાને જો પુતરવંતી કહીએ તો વાંઝણી કોહોને કહીએ.

મારે કંઈ ચંતા નથી શમુદર શું કરનારછે. તે શાંભલી શમુદર મનમાં અચરત પામીને કેહેછે કે આ ટીટનેરલો પંખી પણ શું ગરવ રાખેછે. કહુંછે.

શુતીવેલાએ ટીટોડ પંખી પગ ઊપર રાખેછે કે જો આકાશ તુટી પડે તો પગે ઝાલીશ. મારે પોતપોતીકા ઠેકાણે પોતાને મોટો કોણ કરતો નથી.

તો હું રમતને વાશતે એનાં ઈંડાં લઊછું. ને જોઉંછું કે એ શું કરેછે. કેટલાએક દાહાડા પછી ટીટોડીએ ઈંડાં મેલ્યાં ને પુનેમને દીને શમુદર ઘશારડી લઈગયો. તારે ટીટોડી ટીટોડાને કેહેછે રે સુરજ મેં તુને આગલથી જ કહું હતું પણ તેં ગરવ કરો. ને માહારું શાંભલ્યું નહીં. હવે રડ તાહારા અહંકારને. કહુંછે.

જે આપણું શારૂં ઈછેછે તેનું વચન શાંભલીએ નહીં તો લાકડીથી છુટો કાચબો જેમ નાશ પામો તેમ નાશ પામીએ.


ટીટોડો પુછેછે તે કેમ થઈ હશે. ટીટોડી કેહેછે શાંભલ.

---



## કથા ૫

### કાચબો ને લાકડીથી છુટો તેહેની.



કોઈએક તલાવમાં કંબુગરીવ નામે કાચબો હતો તેહેના મીતર શંકટ અને વીકટ નામે કરીને બે હંશ હતા તે શરોવરને કાંઠે આવીને નીત કાચબા શાથે શુખ દુખની વારતા કરે. એક વરશ તે દેશમાં વરશાદ પડો નહીં. એટલે વાવડી તલાવો બધાં શુકાઈગઆં તે શમે કાચબો હંશોને કેહેછે અરે મીતરો પાણી વીના હું મરી જઊછું હવે કેમ કરીએ. તે બોલા રે વીરજ નહીં મુક. કહુંછે.

મોટા ઘાતની વેલાએ પણ જે વીરજ નથી મુકતો તેને ઊપાએ શુજેછે અને જીવનું પોતાના મીતરને ફરાત શમે જે કામે નથી આવતો તે મીતર શાના કા

મનો.

મારે તું કાંઈ થીંતા માં કર. અમે કાંઈ ઉપાએ શોધી કાહાડીએ છઈએ. પછી તે હંશોએ એક લાકડી લાવીને કાચબાને કહું તું આ લાકડીને મોહોથી વચમાં મજબુત પકડ અને બે છેડા અમે બે જણ પોતાના ચાંચો ઉપર મુકીને તને લઈને ઉડી જઈએ અને જાં હાં પાણી હશે તાંહાં મુકીએ પણ ખબરદાર. જો મારગમાં મોહોડું ઉઘાડશે તો તું જણ. કાચબે હા કહી. ને હંશો તેહેને આકાશ પંથે કરી લઈ ચાલેઆ. તેવામે એક શેહેરનાં માણસો એકઠાં થઆં અને આંગલી કરીને એક બીજાને દેખાડે છે રે જુવો જુવો શું અચરત છે ને એક લાકડીને બે પંખી વલગા છે ને વચમાં કાંઈ અચરત શરખું દીશે છે. તે લોકની મંડલી જોઈ કાચબાને ધીરજ નહી રહી તેહેવારે પેલા લોકો શા કાને મલા છે એમ હંશોને પુછવા લાગો એટલામાં લાકડીથી મોહોડું છુટી ગએ ને હેઠલ પડો તેને લોકોએ તરત મારી નાંખો.

એહેવી કથા કહીને ટીટોડી ટીટોડાને બોલે છે કે ભરતાર તું પાકો મુરખ એમ મેં ધારી પેઠે જાણું. જેમ એક અહલપીશ નામે કરી માછલો હતો.

ટીટોડો પુછે છે તે કેમ. ટીટોડી કેહે છે શાંભલો.



## કથા. ૧૬

### અહલવીશ માછલો.



એક નદીના ડોહમાં ત્રણ મોટા માછલા હતા એકનું નામ અનાગત વીધાતા (એટલે જે આગલથી જ ઉપાએ કરે) બીજો ઉતપનમતી (એટલે આંગ ઉપર આવી પડે તે શમે જે ઉપાએ કરે) અને તીજો અહલવીશ (એટલે જે કાંઈ ઉપાએ નહી કરે પણ કેહે છે જે થવાનું હોએ તે થાએ) કોઈ શમે તે ડોહના મારગે થઈ માછલાંમાર જતા હતા તેઉએ કહું જે ઈંહાં માછલાં ઘણાં છે કાલે આવીને પકડી લઈ જઈશે. તે વખત પેલા માછલાઓએ શાંભલું તારે અનાગત વીધાતા કેહે છે રે ભાઈઓ માછલાંમારે શું કહું તે શાંભલું. તો રાતેજ આપણે બીજે ઠામે નીશરી જઈએ એ મને શારૂં દી

રોછે. કહુંછે.

શતરૂ એટલો શબલો છે કે તેથી પુરૂં નપડાએ. તો નાહાશી જઈએ. નહી તો કીલાનો આશરો કરીને રહીએ.

માટે આજ્યાર એ ઠામે રેહેવું આપણે નઘટે બીજે ઠેકાણે જઈએ. કહુંછે.

ને પુરૂશ પરદેશમાં પણ શોભા મેળવીને જીવવા જાણેછે તે પોતાના દેશનો ભંગ ને પોતીકાઓનો નાશ જોવા શારૂં પોતાના દેશમાં રેહેતો નથી.

તે શાંતસી ઊતપનમતી બોલો રે તું ખરૂં કેહેછે માહારા ધ્યાનમાં પણ એ વાત આવી. કહુંછે.

ને હીરડા. જેને બોલ છુટતો નથી. ને જે બીહીકણ. તે મરે ત્યાં હાં સુધી પોતાનો દેશ છોડતા નથી. ને મ કાગડા. જનાવરો. અને મુરખ માણશ.

પણ ત્યારે મારા વીચારમાં એમ આવેછે કે ઘણા દીવશનું ઠેકાણું એકાએક છોડી નહી જઈએ. મારે જો મછીમાર આવેથા જ તો પછી વખત પર નાહાશી જવાને શું વારછે. અહલવીશે તે વાતો શાંતસીને મોટેથી કહી ને બોલેછે તમારો મનશુબો કંઈ કામનો નહીં. માછલાં મારની વાતથી જ તમો એટલા બીહીના ને આપણા ઘરડાઓનું ઠેકાણું મુકી નાહાશવા કરોછો. એ તમને નઘટે. ને આપણી આવરદા ભરી હશે તો બીજે ઠેકાણે પણ મરશું. કહુંછે.



આઊશ જેનું શબલ છે તેને માહારા સમુદરમાં પણ ચીંતા નથી. નથી અગનીમાં. નથી શશતર અશાતરના પરશાદમાં પણ.

તો આપણા ઘરમાં રેહેવાને શી ચીંતા છે. માટે હું તો ઈઆંથી નહી જઈશ. તમે તમારે શુઝે તેમ કરો. એવા તે બે જણાના નીશચે જોઈને અનાગત વીધાતા પોતાનું કુટંબ લઈને નદીમાં હેથી બીજા ડોહમાં ગઓ. પછી શવારમાં કોળી આવેથા ત્યારે ઊતપનમતી ઘભરાણો. એટલે પોતાનું કુટંબ લઈ જવાની ફુરશદ નહી રહી. માટે એકલોજ નાહાશી ગએઓ. અને અહલવીશે પરાલબધ ઊપર વીશવાશ રાખો તે પકડાણો. માટે રે ભરતાર તેં પણ તેમ જ કરે. તે શાંતસી ટીટીકો કેહેછે રે બાએડી તું શું મને અહલવીશ શરખો લેખે છે તો જો હવે મારો પરાકરમ. કે શમુદરને શુકાવી નાંખું છું. તે બોલી રે શમુદરની અને તાહારી શું બરાબરી ને તું એટલો તે ઊપર કોપ રાખેછે તો એમાં તને જ અવગુણ થશે કહુંછે.

ને પુરૂશ અશામરથ છતાં કોપે તેનો કોપ તેને જ બાલેછે. જેમ કાઢાનુ વાશણ કાઢાને બાહેર નાંખ્યા કરેછે તો તે પોતાના જ આંગ ઊપર પાડે છે.

ટીટીકો બોલો રે અશાતરી તું એમ નહી કેહે. ને હીમત રાખે તે નબલો પણ શામરથને જીતે.

દીલથી ઘણો મોટો તથા મદથી માતેલો એવો

તેને પણ તેથી નાહાનો શંહી મારે છે.

બીજું.

જે કે હાથી કેટલો ને અંકુશ કેટલો. વીજલી કેટલી ને પાહાડ કેટલો. દીવાની જોત કેટલી ને અંધારું કેટલું. માટે જેહાં શામરથ રેહે છે તે બલવાન. દીલ ઊપર શું પરમાણ છે.

માટે આ શમુદરને માહારી ચાંચે કરીને શુકો કરીશ તો હું નામનો ટીટીડો. ટીટીડી બોલી રે લગપન આ શામનને શું કરે રે ને શુરજ નદી નદો તથા શારપે જલના ઠામોને શુકાવે છે તે શુરજના તાપથી શમુદર શુકતો નથી. ને મેઘ વરશાદ કરી બધા જગતને ડુબાવી શકે છે તેહેની વરશાદથી એ ભરાતો નથી તેને તું શારખો એક નાહાનો પંખી શુકાવાની ઈછા કરે છે શું કરમના લોગ. ટીટીડો કેહે છે રે માહારી પરાણ શાંભલ. કહું છે.

ઊદીઓગ એ શીધીનું કારણ છે. માહારી ચાંચ લોઢા શારખી કઠણ છે. દાહાડો રાત એ કાંઈ ખુટવાની નથી. એટલી જોગવાઈ છે તો શું શમુદર શુકો નહી પડશે.

ટીટીડી બોલી રે માહારા પરાણ જો તેં એમન નીશચે કરો છે તો એટલું પણ કર કે શઘાં પંખીઓને તેડ. અને પછી તાહારૂં ધારેલું કર. કહું છે.

ઘણાએક નબલાઓનો એક જથો થાએ તો મોટું




કામ કરી શકે છે. જેમ ઘણાં તરણાંનું બનેલું દોરડું હાથીને પણ બાંધી શકે છે.

જેમ એક ચલી. લકડખોદ. માખી. અને દેડકો એ ચાર મલીને એક હાથીનો પરાણ લીધો. ટીટીડો પુછે છે તે કેમ. ટીટીડી કેહે છે શાંભલ.

---

કથા ૭

હાથી જેનો ચાર જણ મલીને પરાણ લીધો.



કોઈએક વનમાં તમાલનાં ઝાડ ઊપર ચલીનું જોડું રેહેતું હતું તેણે કોહું કરી ઈંડાં મેલાં તે વનમાં એક પરમત્ત એવે નામે હાથી હતો તે ગરમીના દાહાડામાં તે ઝાડની છાયામાં ઊભો રહો ને જે ડાલ ઊપર ચલીનું કુહતું તે ડાલી શુંડથી તોડી નાંખી તેથી હેઠલ પડીને ઈંડાં

કુરાં તે શામે થવાં શોક કરવા લાગાં. એટલામાં તેઓનો મીતર લકડખોદ પંખી તે ઠેકાણે રોહેજ આવી પુગો. તેપણ તેઓનું દુખ જોઈ કરારી થઓ અને વલીને કેહેછે. બેહેન.

જે પરાતુનો નાશ થઓ. જે માણશ મરી ગઉં. જે વાત થઈ ગઈ તેનો શોક ડાહામાણશ કરતા નથી. ને મુરખ કરેછે. મુરખ ને ડાહામાં એટલોજ ભેદ. શંધાયાનાં કોઈ શમે નાશ પામવાનાં માટે તેનું દુખ નહી કરીએ. અને જે નર દુખ કરેછે તેને તેથીના બીજો કાંઈ લાભ થતો નથી. દુખનોજ લાભ થાએછે.

વલી કેહેછે નાઈ ગઆનો શોક હું કરતી નથી પણ જે તું માહારો મીતર ખરો હોઈશ તો માહારાં છોકરાં મારનારના મરણનો કાંઈ ઉપાએ શોધી કાહાડ. જેણે કરી હું છોકરાંનું દુખ વીશરી જઈશ.

લકડખોદ બોલો ખરી વાત એને મીતરનો પણ એજ ધરમ છે. કહુંછે.

તેનેજ મીતર કહીએ જે શંકટ શમે કામ આવે.

તેનેજ છોકરો કહીએ કે જેને જોતાં પીતાને આનંદ થાએ.

તેનેજ ચાકર કહીએ જે ધણીના મનપરમાણે ચાલચાલણે.

તેનેજ બાએડી કહીએ જે પોતાના ગુણે કરીને ભરતારને શદા પરશન્ન રાખેછે.



તો જે હવે માહારો પરાક્રમ. મારી પણ મીતર પેણારક એ પેનામે એક માખી છે ચાલો તેની પાશે જઈએ. પછી તે બેઉ માખીપાશે ગઆં ને બધી વાત કહી માખીએ કહું મારો મીતર મેઘનાદ દેડકો છે તેની પાશે જઈએ. એટલે તરણે જણા મેઘનાદ પાશે ગઆં. તેણે મશલત કરીને માખીને કહું તું હાથીના કાનમાં વેણા શારખો શબ્દ કર. તે શાંભલી શુખે કરીને હાથી આંખો મીચશે. એટલે લકડખોદ તેની આંખ ફોડશે. આંધલો થઆ પછી ઈહાં તીહાં ભમવા લાગશે એટલે હું એક ખાડામાં બેશીને ખરકીશ તેથી તે તરશો શમજશે કે ઈહાં પાણી છે તે શુમાર પર આવશે એટલે ખાડામાં જઈ મરી જશે. પછી તેઓએ પોતપોતીકું કામ શારી પેઠે કરતાંજ હાથી ખાડામાં પડી મરણ પાંમો. માટે હું તને કહુંછું કે ઘણા નબલાઓનો જથો મોટું કામ કરી શકેછે. ટીટોડે તે શાંભલી હંશ શારશ મોર ચકરવાક અને બીજાં શંઘાં પંખીઓ પાશે ગઓ અને તેઓને એકઠાં કરીને કેહેછે રે હું પંખી અને તમો પણ પંખી માટે હું તમારો બાલક હરો ને મહને શમુદરે પોતાની મોટાઈના બલેકરીને દુખવો છે એઝું અભીમાન હવે તમુને જોઈએ. હું એકલો તો કાંઈ કરવા શકું નહીં. જો તમો શંઘા મન ઉપર વાત લેશો તો તેહને અડધી ઘડીમાં શુકો કરી નાંખીએ. પંખીઓ કેહેવા લાગાં રે બાપા શમુદર શાથે ઝગડો કરવો એ વાત નાહાની નથી મ


રે આપણે શાન ગરૂડ છે તેની પાશે જઈએ તે ઘરડો છે
માટે તેહેની બુધી લઈને ચાલીએ તેમાં શારૂં થશે. ક
હું છે.

જેઉએ ઘણું શાંભલ્યું છે એહેવા જે ઘરડા તેઉ
ની શીખામણ ઉપર એક કામ પણ લેતા નથીએ. ઘરડાની
બુધી શાંભલી તો એક હંશનું ટોલું પાશામાં પડેલું હતું
તાંહાંથી પણ છુટી ગઊં. ટીટીડો પુછે છે તે કેમ થઊં હશે.
પંખીઓ કેહે છે શાંભલ.

---

## કથા. ૧૮

### હંશનું ટોલું જે પાશામાં પડું હતું.



કોઈ એક વનમાં ડાલીઓના વીશતારથી શો
ભીતું એહેવું મોટું વડનું ઝાહાડ હતું તેઊપર એક હંશ



નું ટોલું રેહેતું હતું. એક શમે કોઈ એક પારધી તાંહાં આ
વ્યો તેણે આશપાશ જોઊં તો વડ ઊપર ચહડવાનો
મારગ મલે નહી તારે તેણે વીચાર કરીને કોઈ વેલાનું
બીજ લાવી વડ હેઠલ વાવ્યું. પરશાદ પડે એટલે તે ઊ
ગીને વેલા વડ ઊપર ચહડવા લાગા તાહારે તેમાં એક
ઘરડો હંશ હતો તે બીજાઓને કેહે છે ભાઈઓ આ
વેલા પારધીએ લગાડા ને ઝાડ ઊપર ચહડતા આવે છે.
માટે હેમાં કાંઈ અનરથ છે. માહારૂં શાંભલશો તો આપ
ણે એ કેહેણું છોડી નથીએ. તે શાંભલી શંધા હંશો એ તે
ની ઠેકડી કરી અને બોલા આવા જ તમે મરણથી ઘણા
બીહો છો એમ જણાઅ છે તો હવે બીજું કેટલાં એક વર
શ શુધી જીવવા માગો છો. તે શાંભલી ઘરડો છાનો રહો.
થોડા દાહાડા પછી તે વેલાએ જથું ઝાહાડ વીટી લીધું.
ને એક દીવશ હંશો ચારો કરવા ગઆ હુતા એહેવે શમે
પારધી તે વેલા ઊપરથી ઝાહાડ ઊપર ગઓ અને પા
શ નાંખીને ઘેર જતો રહો. શાંજના હંશો આવીને ઝા
હાડ ઊપર બેશતાં જ ચાર પાશામાં શુંથાણા તારે રડવા એ
ઠા તે શમે ઘરડો હંશ તેઊને કેહે છે મુરખો જો તમે પેહેલાં
જ માહારૂં શાંભલ્યું હોત તો આજ એ શંકટમાં નહી પડત.
હવે પણ કહું છું તે પરમાણે ચાલશો તો પાર પડશો. તમો
શંધા મુઆનો ઢોંગ લેઓ. શવારે પારધી આવશે તે
તમુને મુએલા જોઈને પાશામાંથી કાહાડીને ભોંઅ ઊ
પર નાંખી દેશે. બધા નીકલી રહા એટલે હું તમને ઈશા

રત કરીશ. તે શાંભળે શંઘા એકે પેલાએ ઊડી જઈને હું શોએ તે જુગતી પશંદ કરી. ત્યારે પારધી આવ્યો તેણે લેઈને મુઆ જાણીને પાશમાંથી બાહેર કાહાડ્યા. તેવારે શંઘા ઊડી જતા રહ્યા. માટે રે ટીટોડા અમે કહીએ છઈએ કે હરએક કામમાં ઘરડાઓનો વીચાર લેતા નઈએ. પછી તે શંઘા પંખીઓ ગરૂડ પાશે ગયા અને કરૂણા સ્વરે કરીને આંખમાંથી દુખનું જળ નાંખતા ગરૂડને કેહેવા લાગા. માહારાજ રાખો રાખો. નહી તો દુખું દુખું દુખું પંખીનું કુળ. ને તમે માથે છતાં શમુદર આ બીચારા ટીટોડાનાં ઈંડાં લઈ ગયો. તો આજ એ છે અને કાલે ઊઠીને બીજા કોઈ અમારી પછવાડે લાગશે. કહું છે.

એકે ખોટું કામ કર્યું તે દાખલો લઈને બીજા તેમ જ કરવા લાગે છે. લોકનો આ સ્વભાવ પડ્યો કે એક બીજાનું દેખીને ચાલવું. સારા માઠાનો વીચાર કોઈ કરતા નથી.

હવે કુળની લાજ તમુને હોએ તો એનો ઉપાય કરો. બીજું તમે અમારા ઘરડા તેમજ રાજ પણ અમારે અમારો પરતીપાળ કરવો તમને ઘટે છે. કહું છે.

જે દુરાચાર અધરમી શાહુકારા કરનારા કપટી લુચ્ચા એહવા લોકને શીક્ષા કરવી અને પોતાની પરજા રાખવી એ રાજાનું કામ.

જે રાજા કેહેવી રીતે પરજાનો પરતીપાળ કરે છે તે પરજાના પુન્યમાંથી છઠા ભાગને પામે છે. અને જે



પરતીપાળ નથી કરતો તે તેના પાપનો ભાગીઓ થાએ છે.

પરજાને પીડા થઈ તે શંતાપથી કોઈક એવો અગની ઊઠે છે કે તે રાજાની શંપત તથા તેનું કુળ તથા તેનો પરાણ એઓને ભશમ કરાવી વીના થંડો થતો નથી. ને પોતાના ધરમથી ચાલે છે તેને ભાઈ ન હોએ તો તેનો ભાઈ રાજા. આંખ નહી હોએ તેની આંખ. બાપ નહોએ તેનો બાપ. અને મા નહોએ તેની મા કેહેવાએ છે.

જે પરજા અધરમી લોકો પાશેથી પીડા પામીને રાજા ઊપર બાપ શરખો વીશવાશ રાખીને તેહેની પાશે પોતાનું દુખ કેહેવા આવી તેનું દુખ શાંભળતો નથી તે રાજાનું કલ્યાણ કદાપી થાએ નહીં.

એહેવાં ઘણાં પરકારનાં પંખીઓનાં વચન શાંભળીને ગરૂડ રાજાનું મન પીગળી ગઊં ને તેઊના દુખથી પોતે દુખી થઓ ને કરોધ ચડાવીને મનમાં કેહે છે. જે પંખીઓ શાચું કેહે છે. શમુદરને એહેવો જુલમ કરવો ન ઘટે. તે પોતાના મનમાં શું શમજે છે કે આજ શું ગરૂડ મરી ગઓ. તો અત્તરઘડી તેને મારી શોશી નાંખીશ. માહારી આગળ બીચારા શમુદરનો શો પાડ. એમ કોપ કરીને તપે છે એટલામાં શ્રી વીશણુનો ચોપદાર તેડવા આવીઓ કે ચાલો ભગવાનજી તમારો જપ પડે છે. તેહને ગરૂડ બોલો અઓ ભગવાનજીને કહો

કહું આપતો નથી કોઈ જીને રાજીને કામ કરો. કુતેપુ છું ત્યારે તેં આનંદીન દુઃખી કોઈ શમે એમ નથી કહું. ને આજ એ શું થયું. ગરુડ બોલ્યો એ એમજ. ભગવાનજી ને કહ્યું કે આનથી તમારી હમારી સેહેણ દેવી છુટી. કુત બોલ્યો રે મહૂને કેહેતો જરો. ગરુડ બોલ્યો રે શમુદરે મારો બાલક ને ટીટીડો તેહેનાં ઈંડાં લીધાં તો હવે માહારા નામને ને માહારા પરાક્રમને ધીકાર છે રે ત્યારે હવે હું પરાણ નહી રાખું. તે શાંભલી જધેકુત પાછો વીશણુ પારો ગયો ને શંધું તેને વરતમાન કહ્યું. વીશણુને કીરપા આવી અને મનમાં કેહે છે. માહારો ભગત રેહે તો મનધગર જીને તેને કોણ શમ્ભનય રે. કહું છે.

ને ચાકરનો આપણપર લોભ. ને ચાકર પરાક્રમી. ને ને ચાકર શતધરમી ને ગુણવાન તેહેનું અપમાન કદાપી કરીએ નહીં. ને પોતાનું કલ્યાણ ઈછીએ. રાજા પરશન થયો તો શેવકને પીત માતર આપે છે. ને શેવકમાં શનમાન કીધાથીજ પોતાનો પરાણ પણ આપીને રાજા ઉપર ઉપકાર કરે છે.

પછે શ્રીભગવાનજી ગરુડને શમજાવવાને કાને તેને ઘેર પોતે પધારા. તેઉને જોઈને ગરુડ લજ્યાણો. મોહો હેઠું કરી ને નમશકાર કરીને વીનંતી કરે છે માહારાજ તમારા આશરાનો ગરવ મનમાં રાખીને શમુદરે માહારા ટીટીડાનાં ઈંડાં હરણ કરાં. તેથી તેણે



માહારૂં અપમાન કરૂં તો મેં શવામીની બીહીકથી તેને શુકો નહી કરો. કેહેવતછે કે કુતરાને મારીએ તો કુતરાના ધણીને લાગે. બીજું પણ એ કરમ કીધાથી લોકમાં પોતાના શવામીનો બોલ હતો રેહે અથવા એ કીધાથી શવામીનું મન દુઃખે તે કરમ એ અશલ શેવક છે તેણે પરાણ જતો હોએ તોપણ નહી કરવું.

ભગવાન બોલ્યા રે ગરુડ તું જે કેહે છે એ બીજું ચાકરે અપરાધ કરો તેનો દંડ ધણીને એમ થાએ છે તેમજ તેણે કુકરમ કરે તો તેની શરમ ધણીને થાએ છે.

તો હવે ચાલ મારી શાથે આપણ શમુદરથી ઈંડાં લઈએ અને ટીટીડાનું મન મનાવીએ. ને મને અમરાવતીમાં ઈંદરના કામશારૂ જવું છે ત્યાંહાંપણ જઈએ. પછી શ્રીભગવાનજી પેહેલાં શમુદરને કીનારે આવા ને શમુદરને તીરશકાર કરી ધનુશ ઉપર બાણ ચડાવ્યો ને તેને કેહે છે રે ઈંડાં આપે છે કે તને શુકો કરૂં. શમુદર જીવારો કાંપવા લાગો ને તરત ઈંડાં લઈ આવ્યો ને આગલ મુકીને નમશકાર કરી બોલ્યો માહારાજ અપરાધ ખેમા કરો હું મુરખો પછી તે ઈંડાં શ્રીભગવાનજીએ ગરુડને આપ્યાં. ગરુડે ટીટીડાને આપ્યાં. ટીટીડાએ ટીટીડીને આપ્યાં ને શંતોખી.

મારે રેહે શંજીવક હું તને કહું છું કે પુરો ઉદમ નહી મુકયો. તે શાંભલી શંજીવક બેલ બલી તેહેને પુછે છે ત્યારે માહારી નીશા કેમ થશે કે પીંગલરાજ મ

રાઊપર કુતુથી રાજીછે આઠ દાહાડાંસુધી તેણે મને માઆ દેખાડી ને માહારે શારૂં કરૂં. તો હવે તેહેની સુધી કરાનો દાખલો મને આપે તો તેહેને મારીને માહારા અપાયની તજવીજ કરીશ. દમનક બોલ્યો કેમાં શું જાણીઊંછે. જે તને જોઈને તે આંખો રાતી કરશે અને તેહેના મોહાડાઊપર કરોધનાં લખશણ દીશશે તો જાણજે કે તે તને મારવા ચાહેછે. નહી તો જાણજે કે તારો મીતર છે. હવે તું મને આગના આપશે તોહુંપો તાને ઠામે જઈશ. પણ ખબરદાર હો આ વાત કોઈને કહીશમાં અને જે શાંહાંક પડાપછી રાતની રાતમાં નાહાશીને દુર જાશે તો તેમ કરજે. કહુંછે.

છોકરાં. આઓડી તથા ચીત એ શરવે છોડીને પરાણ બચાવવો કાંને તે હોએ તો આ શંઘાં વળીપરવ પલ થશે.

જે પુરૂશ ચીતપર. તથા કુટુંબપર લાલચ રાખીને પોતાનો પરાણ બચાવતો નથી તેનો પરાણપણ જાએછે ને તેપણ જાએછે.

અછતને શામે કામ આવશે માટે ધન રાખી મેલવું કહેવું પણ જે ધન તે ખરચીને આઓડી છોકરાં રાખવાં ને પોતાનો પરાણ રાખવા શારૂ તો આઓડી. છોકરાં. ધન એઉપર કંઈ જોવું નહીં. તે પેહેલાં રાખવો.

કુલમાંથી એકને છોડીને જે શંઘા કુલનો બચાવ થતો હોએ તો તે કરવું. એક કુલ છોડાથી શંઘું ગાંમ



બચેછે તો તે કરવું. એક ગામ છોડાથી દેશનું કલ્યાંણ થાએછે તો તે છોડવું. શંઘી પરથવીનું રાજ મુકાથી પોતાનો બચાવ થાએછે તો તે કરીને પછી શ્રીભગવાનજીને ભજવા.

એપરમાણે શંજીવક શાથે વાતો કરીને દમનક તેની આગના લીધી ને કરટક પાશે આવ્યો ને તેહેને કહેછે ભાઈ મેં બીજતો વાવ્યુંછે હવે ફલ આપણા કરમમાં હશે તેમ મલશે. મેં જોહું જોહું શંજીવકની બેઊના મનમાં વીરોધતો પાડો જેમ તું તેહેને અતારપછી એકઠા નહી જોશે. કરટક બોલ્યો રે તેં શારૂં કામ નહી કરૂં કે તે એટલી એક બીજા ઊપર પરીત રાખતા હતા તેઊને કોપશમુદરમાં નાંખ્યાં. કહુંછે.

જે માણશ શંઘા મારગનો ને પોતાના શુખમાં છે તેને ને દુખમાં નાંખેછે તેપછી જનમ જનમ શુધી દુખ ભોગવેછે એ નીશચે જાણવું.

બીજાનું તેઊમાં જગડ પાડો એરસામાંજ તું શુરવ પાંમતો હશે તો એમાં કંઈ તેં પરાક્રમ નહીં કરે. કહુંછે.

નીચ પુરૂશછે તે બીજાનું કામ બગાડવા શમરથછે પણ શમારવા શમરથ નથી. જેમ ઊંદર ઢાંકણું પાડેછે પણ ઊઠાવીને મુકવા શકતો નથી.

દમનક બોલ્યો ભાઈ તું રાજનીતીના શાશતરમાં અજાણોછે માટે હવી વાતો કરેછે. કહુંછે.

શાતરૂ અથવા રોગ જેટલે શુધી વધ્યા નથી તે
ટલે શુધી તેનો નાશ જે નથી કરતો તે પુરૂશ મોટો શ
મરથ હોએ તોપણ પછી તેઉના હાથથી પોતે નાશ
પામે છે.

બીજું.

જે જેમ આપણી શાથે ચાલે તેમ આપણ તેહે
ની શાથે ચાલીએ. ભલાની શાથે ભલાઈથી. કપટીની
શાથે કપટથી. ને દગાની શાથે દગાઈથી.

ભાઈ હું એક બેલને શંહી જોઉને જનમથીજ
વેર હતું છતાં મેં એઉમાં મીતરાઈ કરાવી ને એનું શારૂં
કરે તો તેણે માહારો જ અધીકાર કાહાડો. કહું છે.

દુરજનને જે કદાચ પોતાના કામદારીના કામ
માં આશરો આપીએ તો તે આશરો આપનારના જ
ઠેકાણાઉપર બેશવાની મનછા રાખે છે. માટે ડાહ્યા પુ
રૂશે નીચને વારો કરવો નઘટે. કેહેવત છે કે છીનાળવા
ને ઘરમાં રાખીએ તો તે ઘરનો ધણી થઈ બેશે.

માટે જે મેં ધાર ઘડો છે તે એ શરજા પરાણીને
ઘરાશથ છે. ભાઈ મન કઠણ કરયું. ને વાચા રોરડીનાર
રા શરજી મીઠી કરવી પણ પોતાનું ભુંડું કરનારને મા
રવો. માટે એ મુવો એટલે આપણને શારીપઠ લોજન
થશે. પરધાનપદું મલશે. અને વેરી મારો તેથી કરીને
મનનું શમાધાન થશે. આ તરણ લાલનો ગુણ છતાં
તું મહને દોશ કેમ લગાડે છે. પારકાને પીડા કરીને પ




ણ પોતાનો શવારથ શાધીએ. જેમ ચતુરક શીઆ
લે કરૂં.

કરટક પુછે છે તે કેમ. દમનક કેહે છે શાંભલ.

## કથા. ૧૫

## ચતુરક શીઆલની.



કોઈએક વનમાં વજરદંશટર એહેવે નામે શંહી
હતો તેહેના બે શેવક એક ચતુરક શીઆલ અને બી
જો વકરમુખ ચીતો. એ બે શેવક શંહીની શેવામાં ની
ત તેહેની પછવાડે ફરતા રેહે. એક શમે જણવા જેઠી
છે એહેવી ઉંટણ તેઉએ દીઠી તેને મારી પેટ ફાડું. તે
માંથી બચ્ચું જનું નીકલું તેને જોઈને શંહીને દયા ઉ
પજી તેવારે ખોલામાં લઈને તે બચ્ચાને કેહે છે. દીકરા

એર થઓ. પછી તેણે એક જુના વાંશની લાકડી લાવીને શુએ તારે શીકા ઉપર મારતો જએ તે ઘાકથી હું શીકા પાશે જઉં નહીં પણ શંનાશીને ઊંઘ આવી એટલે માહારૂં કામ શાર્યું. કોઈ શમે તે મઠમાં કોઈ બ્રેહસપતી નામે કરી બીજો શંનાશી આવેયો તે બેજણા રાતે શુતા તારે પરોણે શંનાશી તામરચુડને ઘરમ કથા કેહેવા લાગો. તામરચુડ ઉંદરને રાજતો હુતો માટે તેણે ચીત લગાડીને શાંભલ્યું નહીં તારે પરોણાને ક્રોધ આવેયો ને કેહેવા લાગો રે તામરચુડ હું જલર ઘડી હાંથી જઉં છઉં. કહું છે.

આપણે આવતા જોઈને ઘરનો ધણી એણીગમે પેલીગમે જોવા લાગે છે અથવા આપણું વચન પરીતથી શાંભલતો નથી એવાને ઘેર જે જએ છે તે પણ રશીંઘડાનો બેલ કેહેવો. જે ઘેર આપણું માન થાતું નથી અથવા જહાં આપણી શાથે કોઈ શુખ દુખની વાતો કરતો નથી તે ઘેર જઈએ નહીં.

એમ તેને ક્રોધ આવેયો જોઈ તામરચુડ તેને કેહે છે શાવામી તમારી વાતો પર મારૂં ચીત કેમ લાગશે રે ઊંચા શીકા ઉપર અંન મુકું છે તો પણ તાંહાં આ ઊંદરડા રેહેવા દેતા નથી ને આખી રાત મને દુખ દીએ છે. બ્રેહસપતીએ પુછું તું એનું બીલ કાહાં છે તે જાણે છે. પેલો બોલો નહીં. બ્રેહસપતી બોલો આનં હાં રેહે છે તાંહાં ધન છે માટે આટલા ઊંચા કુદે છે.



ધન પાસે રહાથી જ માણશને હોશીઆરીઆવે છે પછી જે તેનો તાગ ભોગ કરે છે તેહેની વાત શું કહીએ.

મારે એનું કાંઈ પણ કારણ હોશે જેમ એક બરામણી પીણેલા તલ આપીને તેને બદલે અણપીણેલા તલ માંગતી હુતી તેમાં જેમ કારણ હતું.

તામરચુડ પુછે છે તે કેમ બ્રેહશપતી કેહે છે શાંભલ.

કથા ૨

બરામણી ને પીણેલા તલ.



કોઈ નગરમાં હું ગઓ હતો તાંહાં એક બરામણને ઘેર રહો તાહારે રાતે બરામણ પોતાની બઈરી

ને કેહેછે કે કાલે તલ શંકરાંતછે હું બીજે ગામ જ
વા જઈશ તો આપણે ઘેર સંનાશી આયોછે એને તું
શુરજ દેવતાને નામે તલનું દાન આપીને જમાડને.
બરામણી બોલી કે ત્યારે દલદરીને એ શું હોશે. બરા
મણ બોલો શાંભલ. ધનવાન છે તે ઘણું દરબ આપી
ને જે પુંન મેલવેછે તેટલું પુંન ગરીબ છે તેપણ એ
ક ગરાશમાંથી અરધો ગરાશ આપીને મેલવેછે.

માટે ગરીબે થોડામાંથી થોડું પણ આપવું. એ
મ બાએડીને સમજવીને સવારે બરામણ પરગામ
ગયો. પછી ઘરમાં તલ હુતા તે બરામણીએ વીણીને
સુકવા મુક્યા તેઉપર કુતરો આવી મુતરો તે જોઈ બ
રામણી કુશરી થઈ કે એનું દાન કેમ કરીએ. પછી તે
તલ લઈ જઈ પડોશણને કેહેછે બાઈ તું મને આવી
ણેલા તલ લઈને અણવીણેલા આપ તેણે કહું શારૂં
તેટલામાં તેનો છોકરો બાહેરથી આએયો. તે બોલો
કે માતા એવું થાઅ નહી એમાં કઈ પણ કારણ છે તેવી
ના વીણેલા આપીને કોઈ અણવીણેલા માંગશે ન
હીં. પછી પડોશણે તે તલ લીધા નહીં.

માટે કે તામરથું આઉંદરડા એટલા ઉડેછે
એમાં કાંઈ કારણ છે તો આપણ તેઉનાં પગલાને શુ
મારે તેઉનું બીલ શોધતા જઈએ ને ત્યાંહાં ખોદીએ પ
છી સવારે તે શંનાશીઓએ તેમ કરૂં ત્યારે ધનની કડા
ઈ મલી તે લઈ ચાલતા થઆ ધન જતાં જ હું નબલો પ



ડો ને બીજે દાહાડે શીકાઉપર ઉડી શકો નહીં. કહુંછે.

માણશ ને હોશીઆરી રાખેછે અથવા લોકો
ને પીડા કરેછે અથવા ગરવ કરેછે તે સરવે પઈશાના
જોર ઉપર. પઈશાને લીધે લોક બલવાન કેહેવાએછે.
પઈશે કરી રામ જવાલા ને પઈશે કરીને મોટા. પઈ
શા જતા રહ્યા એટલે તે પુરશ એક કોડીનો માલ.

પછી તે પઈશા ને પેટીમાં સંનાશીએ રાખ્યાહ
તા તે પેટી હું કોસરવા લાગો ત્યારે તામરથુંકે મને લપ
કડી મારી તેથી હું દુખી થઓ તે શાલે થતાં મને કેટ
લાએક દાહાડા લાગા તે દાહાડેથી પછી નીરાશ થ
ઈ બેઠો. મારા શેઠ કે મને મુકી જતા રહ્યા. એ મારા વે
રાગનું કારણ છે. એમ હીરણકે પોતાની વાત પેલા કપ
યજાને અને કાગડાને કહી. ત્યારે તેને કાચબો કેહેછે
લાઈ ગઈ વાત આવતી નથી માટે તું તેનો શોક મુકી
દે ને આ માહારા તલાવપાશે શુખેથી રેહે. માહારેથી
તારૂં શારૂં થશે તે ભુલીશ નહીં. તારા પરાલબધમાં
હોશે તો વલી પણ તુને ધન પરાપત થશે. પણ એટલું
તાહારે લાએગ ને તને આ કાગડો ભીતર શારો મલો
કાંકે તું કાગડાઓનો ભખ એમ છતાં પણ અનું ચીત
તારે વીશે ચંચલ નહી થઉં. કહુંછે.

ને આપણા પરાણપર. પઈશાપર. અથવા બા
એડીપર નજર નથી રાખતો તે ઉતમ ભીતર જાણીએ.
ને ભીતરની પારખ પણ ઈઆંજ છે જેમ શુનાની પારખ

અગનીમાં આપણો પડતો કાલ આવેલો છે તે શમે ને ભીતર છોડતો નથી તે જરો ભીતર કહોછે. ને આપણું કારન ઝગાડેછે તે શતરૂ ને કારન શાધેછે તે ભીતર એમ જાણીએ. ભીતર ને શતરૂની બીક શી ઓલખાણ.

માટે ધનનો લોભ અણુક જાણીને હવે તું તેની ચીંતા છોડી દે ને માહારા તલાવની પારે શુખેથી રેહે. કહુંછે.

ધાદલાંની છાંએડી. કુરજનની ભીતરાઈ. રાંધેલું અંન. આએડી. ભોજન ને ધન એ જનથાર શુખ આપતાં નથી. શંકરે કરીને મેલવીએ. જયશાર જું રાખીએ. પોતાના દીલશારખી ધશાતુ પર પેહેરીએ તોપણ ને બીને હાથે જાએછે એવા ધનનો શોક શું કરીએ. પછે શાધાલા જેઠે વગરશુને રાજ તેના ઉપર શુનો લાવે છે. પછે શાયારીતે ને મેહેનત કરીએ છીએ તેનો શોમો હીશો ને જગધાન મલવાને કાને કરીએ તો તેમલે. ને પરદેશની ચીંતા પણ તને કરવી ન ઘરે. કહુંછે.


ને મોટા. ને વીદીઆવાન. ને પરાક્રમી. તેનં હાંગમા તાંહાં તેનો દેશ.

બીનું આપણા કરમમાં નહી હોએ તો હાથમાં આવેલું દરવ પણ જાએછે. ને મએક શામલી શાલવીને થયાં. ઉંદર પુછે છે તે કેમ. કાછબો કેહેછે શાંભલ.



## કથા. ૩

## શોમલી શાલવીની.



કોઈ નગરમાં શોમલી શાલવી રેહેતો તેણે યાં દીયાં લુગડાં વણે. પણ પેટ ભરાને રસુંન પેદા કરે. એક દાહાડે તે પોતાની બઈરીને બોલો રે બીજા શાલવીઓ જાડાં જાડાં લુગડાં કાહાડીને શંપતવાન થઆ ને આપણે દલદરીન રહા માટે આ ગામ મુકીને બીને ગામ જઈએ. તે બોલી હે ભરતાર આ તમારી શમજ કાંઈ કામની નહી. જેના ભાગેગમાં હોએછે તેને પોતાને ગામેજ મલેછે પરદેશ જવાનું કારણ પડતું નથી. કહુંછે.

શંધી પરથવી ફરે અથવા શમુદરને પેલી તરફ જાય તોએ પણ પરાલબધમાં હોય તે દરવ્યુંજ મલે.

જેમ વાછડી પોતાની માને હજારગાયમાંથી ઓળખેછે તેમ આપણું કરમ જ્યાંહાં ગયા ત્યાંહાં આપણને શોધતું આપણી પાશે આવેછે જેમ છાયા પુરશને શાથ લાગી રેહેછે તેમ આપણું કરમ અને આપણ એક બીજાને છોડતા નથી.

માટે આપણે જે આળશ મુકીને ધંધો કરીએતો કામ થાશે. શાળવી બોલો ખરી વાત છે. કહુંછે.

ભુખછે ને રાંધેલું અંન પણ પાશેછે. પણ જો હાથ હલાવીએ નહી તો તે આપોઆપ મોઢામાં જતું નથી. ઉદીઓગીને લખમી મળેછે. ઉદીઓગ છોડી અદરશટપર આધાર રાખેછે તે મુરખ જાણવો. માટે ઉદીઓગ કરતાં જો શીધી નથાય તોપછી આપણો વાંક નહીં.

એવું છે તો ખરૂં પણ હું તે ઉદીઓગ પરદેશ જઈ કરીશ એમ કહી તે શાળવી વરધમાન નગરગયો ત્યાંહાં તરણ હજાર રૂપીઆ મેળવા ને પાછો પોતાને દેશ આવવા લાગો. મારગમાં એક અરણ લાગું ત્યાંહાં શુરજ આથમો. ત્યારે એક વડનાં ઝાડ ઉપર જઈ શુતો તે શમે બે પુરૂશ વડ હેઠે વાતો કરેછે તેમાંથી એક બોલો રે કરતાર તું જાણેછે. આ શાળવીને વધતું જમતું લેઈએ ને તેહેને તરણ હજાર રૂપીઆ કેમ આપ્યે પા. તે શાંભળી બીજો બોલો રે કરમ એણે ઉદીઓગ કરો તેહેવું ફળ માહારે આપવું ઘટે તેમેં આપું. હવે




તેનો પરીણામ તને લેઈએ તેવો તું કરજે. એમ તેઓની વાતો શાંભળી શાળવી ઉઠો ને જુએછે તો ગાંશડીમાં રૂપીઆ નથી. ત્યારે ઉશારી થયો અને વળી બીજે નગર ગયો ત્યાંહાં પાંચ વરશ રહી પાંચ હજાર રૂપીઆ કમાયો ને ઘેર આવવા લાગો ત્યાહારે વળી પણ મારગે આવતાં તેમજ થયું ત્યાહારે તેણે વીચારૂં કે હવે પરાણ રાખી શું કરવું છે પછી એક ફાંશો કરી ગળામાં ઘાલો. અને વડની ડાળે ટાંગી લીધું ને આંચકો મારેછે એટલામાં એક પુરૂશ ત્યાંહાં આવી બોલો રે શાળવી તું ફોકટ જીવ નહી આપ. અંન અને વશતરથી વધતું તારા કરમમાં નથી માટે અબોલો ઘેર જ પણ હું ત્યાહારૂં શાહશ લેઈને પરશન થયો તો કાંઈ વર માગ. શાળવી બોલો મને બીજો વર લેઈએ નહી. ઘણું ધન આપશે તો આપ. પુરૂશ બોલો રે અંન વશતરથી વધતા ધનને શું કરશે. જે ધનનો ભોગ નથી થાતો તે ધનને લેઈને શું કરીએ. જેમ એક બોલી શીઆળે પંદર વરશ લગણ બળદનાં વરશાણ લેઆં. શાળવી બોલો તે કેમ. પુરૂશ કેહેછે શાંભળ.

---

## કથા. ૪

### લોભી શીઆળની.



કોઈ સંજયરશાણનામે બલદ પોતાનું ટોળું મેલી વનમાં રેહેતો હતો તે એક વેલા નદી ઉપર પાણી પીવા આવેયો. તાંહાં શીઆળને શીઆળી હતાં તારે તે બલદનાં લાંબાં વરશણ લેઈ શીઆળી શીઆળને કેહેછે હે ભરથાર એહેવાં વરશણ કોઈ શામે તુટીને પડશે તે આપણને જડશે. માટે એની પછવાડે ફરતા રહીએ. શીઆળ બોલ્યો તે કાહારે થશે તે શું જાણીએ. માટે અહીઆં ઉંદર મલેછે તેને ખાઈ દાહાડા કાહાડીએ. એમાં મહને શારૂં દીશેછે. કહુંછે.

જે નર હાથમાંનુ મેલી આગલ મલનારની પ



છવાડે લાગેછે તેને બેઉ શાધતાં નથી.

શીઆલીએ તેને ધીક્કાર્યો અને બોલી માંશના ગોલા છોડી તું ઉંદર ચાહેછે માટે તાહારા શરખો મુરખ બીજો નથી. તે બાએડીનાં વચન શાંભલી શીઆલ બલદીઆની પછવાડે લાગો. કહુંછે.

પુરૂશ છે તે તેટલા શુધી પોતાનો ધણી કેહેવાએછે તેટલા શુધી બાએડીએ તેને પોતાનાં વચનથી અણી મારીને ઉઠાડેયો નહી. જે નહી કરવું તે કરેછે જાંહાં ન જઈએ તાંહાં જાએછે. જે ન ખાઈએ તે ખાએછે. માટે બાએડીનાં વચનપર જે ચાલેછે તે પુરૂશ શું શું નહી કરશે. શરવ કાંઈ કરશે.

પછી તે શીઆલ પંદર વરશ લગણ બેલની પછવાડે ફર્યો પણ તેનાં વરશણ પડાં નહી તારે કંટાલીને પોતાને ઠામે ગયો.

શાલવી બોલો રે એહેવું છે તોએ પણ મને ધન આપ. તારે પુરૂશ બોલ્યો તો તું પાછો વરધમાનનગરમાં જ અને તાંહાં જે વાણીઆ છે. એકનું નામ ગુપતધન અને બીજો દતભુગતધન તેઉની રીત જોઈ પાછો આવ. પછે એમાંથી જે તુને ગમશે તેના જેવો તુને કરીશ. શાલવીએ તેમ કરૂં ને પેહેલાં ગુપતધનને ઘેર ગયો તે કેવો દીઠો કે દમડી ખરચે નહી ને લાખો રૂપીઆ પેદા કરે. એક દાહાડો જમે તો તે અંન પચે નહીં. એટલે તરણ દીવશ લગી અપવાશ કરે.

કારણ આગલ કોઈને ઊભો કરે નહી. દમડીનો ધરમ કરે નહી. એવો તેને જોઈને તે શાલવી હસ્તુગત ધનને ઘેર ગયો તાંહાં જુએછે તો જે આપેછે તેને શનમાન થાએછે. દાન ભોગ શંચો શારીપટે કરેછે પણ જેટલું પેદા કરે તેટલું ખરચે. કોઈનું લેવું નહી ને કોઈનું દેવું નહી. શાશતરમાં કહુંછે તે પરમાણે થોડુંક ધન કુટંબને વાશતે રાખી મેલેછે તે દેખીને શોમલી શાલવી ઘણોજ રાજી થયો. કહુંછે.

વેદનું એજ ફલ કે અગનીની શેવા થાવી. શાશતર ભણ્યાનું એજ ફલ કે શારી રીત આવથી. પરણ્યાનું એજ ફલ કે બાએડીનું આપણું એક ચીતછે ને તેની પાશેથી શંતતી થાએછે ને ધનનું એજ ફલ કે દાનને ભોગ થાએછે.

લોકમાં દાટેલા ધને કરીને જો તે ધણીને ધનવાન કહીએ તો તેજ ધને કરીને અમે પણ ધનવાન કેમ નથઈએ. ભોગવીએ આપીએ તેટલુંજ આપણું. ને પુરેશ ધન રાખીને મેલેછે તે ધન બીજો લઈ જાએછે. જેમ મધમાખનું મધ. કાંકે ધનની ગતી ત્રણ. દાન. ભોગ. અને નાશ. માટે પેહેલી બે નથઈ તો તરીજી થવી જોઈએ.

પછી તે શાલવી તે પુરશપાશેથી પાછો ગયો ને ઘેર માંગી હસ્તુગત ધન થયો.

મંથરકાચબો હીરણકને કેહે રે ઊંદર તેમ કં



તેમાં શંતોશ નથી થાતો તો ઘણું ધન મલેથી શું ફલ. શંતોશ છે તે ધનવગર આપણ ધનવાન છઈએ કહુંછે.

શરપ વા પીને રેહેછે. હાથીઓ ઘાશ પાલો ખાઈને બલવાન થાએછે. રુશી કંદમુલ ખાઈને દાહાડા કાહાડેછે. માટે શંતોશ છે એજ પુરશનું મોટું ધન છે. ધનની પછવાડે દોડેછે તેઊને મેહેનત માતર થાએછે. શુખ તાહારે થાએછે જાહારે આશાના પાશ છુટે. ધનને આશરેથી આશા વધેછે જેમ અગનીના આશરેથી તરશા.

એવું કથ્યાનું વચન શાંભલી કાગડો બોલ્યો ભાઈ ઊંદર. મંથરવીના તને બીજો કયો કોણ ઊપકાર કરનાર મલશે. એ પરમાણે તે ત્રણ જણા વાતો કરેછે એટલામાં એક હરણ તે તલાવ પાશે આવી પુગું તેનું નામ ચીતરાંગ તેને જોઈ મંથર કાગડાને અને ઊંદરને કેહેછે અરે આ હરણ પારધીના હાથમાંથી છુટી આએવું એમ દેખાએછે. તે શાંભલી હરણ બોલ્યો ભાઈ કાચબા તેં શાચી વાત કહી તો મને તમારી મીતરાઈમાં લેશો તો હું શુખી થઈશ. મંથર બોલ્યો ભાઈ રેહે અમારી પાશે. પછી તે ચાર મીતર એક ચીતે રહી શુખેથી કાલ કાહાડે. એમ કેટલા એક દાહાડા ગયા. એક શમે તે હરણ બાહાર ગયું હતું તેહેને પાછું આવતાં વાર લાગી તારે તે ત

રણ ઘણા ઘભરાણા તે શમે કાચબો ને ઊંદર કાગડા ને બોલો તું ઊડી જા ને ચીતરાંગના શમાચાર લઈ આવ. કાગડાએ તેમ કરી ને જુએ છે તો હરણ ફાંશામાં શુતાળું છે. કાગડાને જોઈ હરણ બોલું લાગી કું મરી છું આ શમે તાહારી ભેર થઈ એ મહને મોટો લાભ થઓ. હવે માહારી વીનંતી એ છે કે કોઈ શમે હું જાણતાં અજાણતાં તને ચાંડું બુરું બોલો હઉંશ તે મને ખમા કરને ને કાચબાને ને ઊંદરને પણ મારી એજ વીનંતી કેહેને. કાગડો બોલો ભાઈ તું બીહીશમાં કહું છે.

શંપતમાં શુખી ને વીપતમાં દુખી જે નથી થાતે એને જે રણમાં ધીરજ રાખે છે તેની માતાને ધંન છે. અમ જેવા મીતરનું પછી શું કામ. જે તને આ શંકટમાંથી નહી છોડાવીએ. તો પછી તે કાગડો હીરણક ઊંદરને લઈ આવેયો તેણે તે હરણનાં બંધન તોડી નાંખાં. એટલામાં કાચબો પણ હલવે હલવે ત્યાંહાં આવી પુગો તેવાર જણા એકઠા થઆ એટલામાં પારધી આવેયો તેને જોઈ કાગડો ઊડી ગઓ. ઊંદર બીલમાં ભરાણો ને હરણ વનમાં નાઠું કાચબો દોડી નશકો તે તેને હાથ લાગો. પછી પારધી કાચબાને પકડી ચાંશા ઊપર લઈ પોતાના ઘર તરફ જાએ છે તેને જોઈ હીરણક બોલો રે અદરશાય એકનું દુખ નીવારી: એટલામાં બીજાનું આવી પડું



રે ભગવાન રે તું મારી જ પર એટલો કેમ કરેર થઓ છે. મારે ધન ગઉં. પરીવાર ગઓ. મને વનવાશ થઓ અને ત્યાંહાં મીતર મલા તેનો પણ વીજોગ થઓ. શાશતરમાં કહું છે તે ખરું છે. એમ જ મુરખ મારે શોક કરીએ છઈએ.

આ શરીર શંઘા પરકારના દુખનું ઠામ છે. શંપત છે તે ચપલ વીપત છે. શંજોગનો કોઈ દાહાડે વણ વીઓગ થાવાનો. માટે આવી નાશવંત વશતુનો શોક શાને કરવો.

પછી ઊંદરના બીલની પાશે કાગડો ને હરણ આવેયા તેઓને રડતા જોઈને ઊંદર કેહે છે રે રડીને શું કરશો. જેટલે શુધી પારધી કાચબાને દુર નહી લઈ ગઓ તેટલે શુધી એને છોડાવવાનો કાંઈ ઊપાએ શોધી કાહાડો. કહું છે.

જે શંકટ પરાપત થઉ તેમાંથી છુટવાનો ઊપાએ ન કરતાં જે શોક કરતો બેશે છે તેનું દુખ ઊલટું વધે છે. શંકટનો શોક મુકવો ને તે ટાલવાનો ઊપાએ કરવો. આ જેહેવું બીજું તેહેના પરીહારનું ઓશડ નથી.

બીજું. જે પામા તે રાખવાનો. જે નહી પામા તે મેલવવાનો. શંકટમાં પડા છે તો તેમાંથી છુટકવારો કરવાનો. એવાં આ તરણ વાનાનો વીચાર કરવો તેનું નામ વીચાર.

તેથાંતલી કાગડે ઊંદરને બોલ્યો તો ત્યારથી મારૂં કહું કરશો. હરણે પેલા તલાવપર સાંજો થઈ સુઈ રેહેવું. ત્યાંહાં હું ઝાડપર બેશીશ. તે મારગે પારધી નશે ત્યારે હરણને હુરથી તે બેશે ને ગાઈ જાણીને કાચબાને મુકી તેને ઝાલવા દોડશે. આવા બપરામાં તું બઈ કાચબાનાં બંધન તોડી નાંખજે. તે તલાવમાં દોડે એટલે હું બરકીશ. ત્યારે હરણે તરતનાકુશી ભપું. એ પરમાણે કરશો તો કાચબો છુટો એમ જણાને. કહું છે.

કામ થાએ અથવા ન થાએ પણ ડાહ્યા પુરૂશે પેહેલાં ઊમેદ ન આપવી.

પછી તેઓએ તેમ કરૂં ત્યારે કાચબાનો છુટકો થયો ને પારધીના હાથમાં હરણ આવેલું નહીં. તેશમે તે નીરાશ થઈ પોતાને ઘેર ગયો. પછી તે ચાર જણા એકઠા થયા. ને પોતાને તલાવે ગયા. ત્યાંહાં ઘણાં વરશ લગણ મીતરાઈનું શુખ ભોગવીને અંતે શારી ગતીને પામા.

વીશણુશરમા પંડીત કેહે છે કે રાજપુતરો તમે પણ કહેલી વાતો પરમાણે ચાલશો તો મીતરનાં શુખને પામશો.

---



UNIVERSITY
THE M. S. UNIVERSITY

## તંતર ૩ જું.

## શંધીવીગરહ.



વીશણુશરમા પંડીત રાજાના છોકરાઓને કેહેવા લાગો હવે હું તમુને શંધીવીગરહ નામે તરીજું તંતર કહું છું તેના પેહેલા શલોકનો અરથ આ છે.

આગલ ને આપણે શતરૂ તે પછી મીતરાઈ કરવા આવેલો તો તેના ઊપર વીશવાશ નહીં રાખીએ. ને રાખીએ તો જેમ કાગડાઓએ ઘાગલાઓનો નાશ કર્યો તેમ થાશે. તે કથા આમ છે. ઊતરદેશમાં વરધમાન નામે નગર તેની પાશે એક મોટું વડનું ઝાડ હતું તેપર મેઘવરણ નામે કાગડાઓનો રાજા પોતાના પરીવાર શમેત રેહેલો હતો. તેવડથી લગ

રીકે દુર એક ડુંગરની ગુફામાં અરીમરદન નામે વાગલાઓનો રાજા ઘણાએક વાગલા શાથે રેહેતો હતો તે નીત રાત થઈ એટલે વાગલાઓને લઈ તે વડપર આવે ને કાગડાઓને મારી નાંખે. એ પરમાણે તેણે ઘણાએક કાગડા નહીશરખા કરા. તેવારે રાજા મેઘવરણે પોતાના છ પરધાનોને તેડા. તેઓનાં નામ. ઊજીવી. શંજીવી. અનુજીવી. પ્રજીવી. શુજીવી. અને ચીરંજીવી. ને પીચારવા લાગો કે રાજનીતીમાં શત્રુ શાથે વાજપાના છ ઊપાએ કહેલા છે. એક શંધી (એટલે મીતરાઈ) બીજો વીગરહ (એટલે જુધ) તરીજો જાંન (એટલે કામ મુકી પાછી ફારવી) ચોથો આશન (એટલે પોતાનો ઠામ મજબુત કરવો) પાંચમો આશરજ (એટલે બીજા રાજાની મદદ લેવી) છઠો દવેધ (એટલે ઉપરલાવે કરીને શત્રુને જીતવો) એ છ પરકારમાંથી આપણે આ શમે કેહવો ઊપાએ કરવો તે કહો. આપણે તો રાતનું દીશતું નથી. ને વાગલાઓનું ઠેકાણું પણ કાંહાં છે તે જાણતા નથી. એવાં રાજાનાં વચન શાંભલી પેહેલાં ઊજીવી બોલ્યો કે રાજા બલવાનશાથે જગડ નહીકરીએ. મીતરાઈ કરીએ. આ માહારૂં મત છે. કહું છે.

જે શારો ગંભીર. જેને શાહાએ ઘણા ને જેણે ઘણાંએક જુધમાં જીત કરીછે તેહેની શાથે શલાહ રાખીએ.



શમાન બલ શાથે જુધ કરવું. બલવાનશાથે કરીએ તો માટીનો ઘડો પથરશાથે અફાલીએ તો જેમ ફુટેછે તેમ નાશ પામીએ.

તે શાંભલી શંજીવી બોલ્યો. જગડો કરવો એ માહારૂં મત છે. કહું છે.

ભુંડા શત્રુશાથે મીતરાઈ કરીએ તો અંતે પોતાનું ભુંડપણું કરવા ભુલે નહીં.

ને કરેર. લાલચી. ભુખો. હંકારી. ચંચલ. મુરખ અને શરદારોને માન આપતો નથી એવો શત્રુ જીતવો કઠણ નથી.

જેમાં જીતવાની ઊમેદ. ને હીમત રાખે છે તે ઘણી ફોજવાલા શત્રુને પણ જીતશે. જેમ શંહ હાથીને જીતે છે.

માટે જેણે આપણને મારા છે ને આવા શમે આપણ મીલશાઈ કરવા જશું તો તે આપણને બીહીના શમજીને વધતી વેદના કરશે. તો તેની શાથે લઢવું જ જોઈએ.

પછી અનુજીવી બોલ્યો રાજા. તે હુશાર છે. બલવાન છે ને નીરમરજાદ છે માટે તેની શાથે શલાહ અથવા જગડો એકે નહીં જોઈએ. ઠામ છોડી જાને આપણે પાછી ફારીએ એ મને ગમે છે કાં કે શામો જોઈને પાછું જીતવા ફલકું પડશે. કહું છે.

શત્રુના દેશમાં જતાં શું શું જડપણ છે. અં

ન પાણીની વેતરણ કેમ થાશે. એ જણાવીના જે ત્યાંહાં જઈએ તો પાછા પોતાને દેશ નહી આવીએ.

હાથીપર તુટી પડવા શારૂ શીંહ પણ જરીક પાછો હઠે છે. તેમ મનમાં વેર રાખીને બુધીમાન છે તે પાછો હઠે છે. હેંકાર કરતો નથી.

હવે ચ્રંજવી બોલે છે રાજા. હું એ ત્રણ ઉપાએ પસંત કરતો નથી. મારૂં મત એ છે જે આપણે ઠામ મજબુત કરીએ. કહું છે.

મગર પોતાને ઠામે હાથીને ઝાલે છે તે જ બાહાર પડે તો તેને કુતરા પણ મારે છે. પોતાના કીલ્લામાંથી એકલો માણશ શતરૂના દશ માણશને મારે છે માટે પથરા તોપો અને બીજાં જંતર રાખીને કીલ્લો મજબુત કરવો. ને બીજું કોઈ પણ એક નથી રાજવી કહું છે.

નાહાનાં નાહાનાં ઝાડો છે પણ જો તે એકબીજાનો આશરો કરીને છે તો તેને વાયુ ઉખેડી શકતો નથી ને મોટો વરજ છે પણ એકલો છે તો તે હલકા વાએ પડી જાએ છે.

પછી ગુરૂજી બોલવા લાગો. રાજા છ પરકારમધે આપણે ઈહાં બેશી બીજા રાજાનો આશરો કરીએ એ મને શારૂં દીશે છે. કહું છે.

શાહાય વીના મોટો છે તે એકલો નાશ પામે છે જેમ વાય વીના અગની.



ઘણા એકનો જથો થએો તે નબલા હોએ તો પણ જીતવા જારે છે. જેમ ઘણાં તણાંનો વણેલો દોર તોડવો કઠણ.

એવાં પાંચે પરધાનનાં મત લીધા પછી રાજા મેઘવરણે નમશકાર કરી પોતાના બાપના વખતનો ઘરડો ને માહા બુધીવંત એવો જે ચીરંજીવી પરધાન તેને પુછું પીતાજી આ વાત ઉપર તમારૂં શું મત છે તે કહો. પછી તે બોલો રાજા આ શરવે પરધાન જે બોલા તે નીતીશાશત્રના આધારે જ બોલા ને તેમાં કાંઈ વાંકું નથી પણ શમો જોઈને તે કરવું જોઈએ. તે આ જને શમે આપણે આ ઘેર છે કે કપટ કરવું. કાં કે આપણો શતરૂ પાપી છે તેની શાથે બીજા ઉપાએ કઈ કામના નથી. કહું છે.

પાપી શતરૂ. બોરો મીતર. ને વેશીઆ. એઉ શાથે શરીખું ચાલીએ તો જયીએ નહી. ને દેવ. શાધુ. અને ગુરૂ. એઓની શાથે કપટ રાખીએ તો નરકે જઈએ.

માટે શતરૂના મનમાં વીશવાશ ઉતપન કરી તેના ઘરનો ભેદ જાણીએ તો પછી તે શુખેથી મારો જાએ. રાજા પુછે છે પીતાજી તેનું ઠેકાણું જાણીએ નહી તો આપણે તેના ઘરનો ભેદ કેમ શમજશે ચીરંજીવી બોલો. ગુપત જશુશના હાથથી તે જાણવું શેહેલ છે. વલી રાજા પુછે છે આપણને તેના


જાતનું વેર પડવા શું કારણ તે મને સંભળાવો. ચીત્રંગ્રીવ બોલ્યો તેનું કારણ એક આપણી જીભલડી. આ જીભલડીને લીધે એક ગધેડો મારો ગયો.

મેઘવરણ પુછે છે તે કેમ. ચીત્રંગ્રીવ કેહે છે સાંભલ.

---

## કથાની

### ગધેડો તે જીભ હલાવેથી મરણ પામેઓ.



કોઈ એક ધોબીનો ગધેડો હતો તેને ખાવા મલતું નોતું ને કુપડાંનો ભાર ઊપાડતાં ઊપાડતાં તુટી ગયો. તારે તે ધોબી વીચાર કરવા લાગો કે હું કોઈ વાઘનું ચામડું મેલાવી આ ગધેડાના આંગઊપર વીટું પછી એક કોઈના ખેતરમાં મુકું તો એનું નામ



કોઈ જાણશે નહી ને એમ એ થોડાક દહાડામાં પુશટ થાશે. પછી તે ધોબી નીત રાતે ગધેડાપર વાઘનું ચામડું નાંખે ને તેને લોકોના ખેતરમાં ચરવા મુકે. એક સમે એક ખેતરનો રાખનાર છુપતો છુપતો તે ગધેડા પાસે ગયો અને તેને જુવે છે એટલામાં તે ગધેડાએ એક ગધેડી દીઠી તારે તે ઊપર તેનું મન ગઊં ને તેની પછવાડે લાગો પણ તે ગધેડીએ એને વાઘ જાણીને નાહાશવા માંડું તારે તેની ભરાંત કાઢવા શારૂ પોતે શુર કાહાડીને કેહેવા લાગો કે હું ગધેડો છઊં નાહાશાને નહી. તેવારે ખેતરનો રાખનાર પાછલ હુતો તેણે તેને ગધેડો જાણીને બાણ મારો તેથી તે મરણ પામો.

તે શાંભલી વલી મેઘવરણ પુછવા લાગો કે ઘુવડ રાજા વાગલાઓ શાથે આપણું વેર પડવા આપણી જીભલડી કેમ કારણ થઈ તે કહો. ચીત્રંગ્રીવ બોલ્યો. એક શમે એમ થઊં કે શંઘાં પંખીઓ એકઠાં થઆં ને વીચાર કરવા લાગાં કે આપણો રાજા ગરૂડ તે વીશણુની ચાકરીમાં લાગો છે આપણું કલ્યાણ કાંઈ કરતો નથી તો કોઈ બીજાને રાજા કરીએ. પછી શંઘાઓએ નીશ્ચે કરો કે આ વાગલાને રાજા કરીએ તેવારે તેઊએ તે વાગલાને શીંહાસનઊપર બેશાડીને રાજઅભીશેક કરવા માંડો. એટલામાં કઈનાંગનો એક કાગડો તાંહાં આવી પુગો. તેવારે પંખીઓએ વીચા

રેં કે પંખીમાં કાગડો ચતુર માટે આપણે એનું પણ મત લેવું ઠીક છે.

ડાહ્યાછે તે પોતાની ધારેલી વાત બીજાને સંભળાવેછે ને તેનું મત લીએછે. કાંકે જેટલો વીચાર કરીએ તેટલું વધતું સુઝેછે.


પછી તેઓએ કાગડાને પુછ્યું ત્યારે તે કેહેવા લાગો કે તમે એને રાજા માં કરો. એ કદરૂપ. કુર. દાહાડાનો આંધળો અને કઠોર સુર કરનાર. તમને આપદામાં નાંખશે. આપણા માથાઊપર ગરુડ રાજા છે તેજ તે મોટો અને વળી સમરથનો આશરો કરેછે માટે તેના નામ પર આપણે કોઈથી હારા નહીં જઈએ. કહ્યું છે.

મોટાના નામપર જ કામ થાએછે. જેમ શશલા ચાંદના નામઊપર હાથીની પીડામાંથી છુટા.

પંખીઓ પુછેછે તે કેમ. કાગડો કેહેછે સાંભળો.

કથા ૨

શશલા જેઓએ હાથીઓને નસાડ્યા.





કોઈ રાનમાં ચતુરદંત નામે હાથી રેહેતો હતો. એક વરસ તે રાનમાંહેનાં સઘાં તળાવો સુકાઈ ગયાં ત્યારે તે પોતાનો પરીવાર લઈને બીજા રાનમાં ગયો ત્યાં એક તળાવ હતું હતું કે જેહેમાં પાતાળનો ઝરો કોઈ સમે ખુટે નહીં. પછી તે પેલા તળાવમાં હાથી સમેત આખો દીવસ ક્રીડા કરે ને સાંજે રાનમાં જાય. તે તળાવની આસપાસ સસલા રેહેતા હતા તેઓનાં બીલ સુમાળી જગામાં હતાં તેઓપરથી હાથી ચાલે ત્યારે બીલમાંહેના સસલા ચંપાઈ જાય. એમ કેટલાએક સસલા જખમી થયા ને કેટલાએક મરી ગયા. એક સમે સઘા સસલા એકઠા થઈ વીચાર કરવા લાગા કે એનો ઊપાય ન કરીએ તો અહીં આપણથી રેહેવાશે નહીં. કહ્યું છે.

હાથી અડકતાં જ મારેછે. સાપ સુંઘતાં જ. રાજા હસતાં જ. ને દુરજન માન આપતાં આપતાં જ મારેછે.

ત્યારે તેમાંથી એક સસલો બોલો. આપણ હાથીઓને ધમકી આપીએ. કાંકે કેટલાંએક કામ ધમકીથી જ બની આવેછે તે સરલ બોલાથી થતાં નથી. પછી તે સસલો મારગપર જઈ એકોને હાથી આવતા જોઈ તેઓના રાજાને કેહેછે રે ક્યાં જાઓછે ઊભો રેહે વાત સાંભળ. હું ચંદરમાનો દુત છઉં. ચંદરમાએ તમને કેવાડું છે કે તમો આંહાં આવી તેનાજી

જમાં શશલા રેહેછે તેનાં શગાં વાહાલાંઓને મારાં તેની ફરીઆદ ચંદરમાપાશે ગઈ તારે ચંદરમાએ કહું કે થઉ તે અજાણતામાં થઈ હશે પણ અતારપછી જો એ હાથીઓ તલાવમાં આવશે તો તેઓને એક પલકમાં મારી નાંખીશ. એમ બોલી મારીપાશે તમને કેવાડું છે. ને ચંદરમા શશલાઓનો શોક દુર કરવાશારૂ પોતે તલાવમાં આએલો છે. હાથીનારાજાએ તે શંધું અચરત પામી શાંભલું ને કેહેવાલાગો કે મને તું ચંદરમાને દેખાડશે તો શાચું માનીશ. શશલો બોલો પોહોર રાત પછી આવીશ તો દરશણ થશે. પછી પોહોર રાત ગઈ તારે હાથીનો રાજા તલાવપર ગઓ તેને શશલાએ પાણીમાં ચંદરમાનું પરતીબીંબ પડું હતું તે દેખાડું ને બોલો હવે શવામીને નીંદ લાગીછે તો હાથીજ નમશકાર કરી તું તાહારો મારગ ધર. નહી તો તે તને જોઈ શું કરશે તે કેહેવાએ નહી. તેવારે હાથી લાજ પામો ને પોતાનો પરીવાર લઈ બીજે ઠેકાણે ગઓ ને શશલા શુખી થઆ માટે તમે વાગલાને રાજા નહી કરો એ જાતે પાપી છે. તમને વીશવાશ આપી તમારો નાશ કરશે. તેમ એક જલાડાએ શશા અને કપીંજલ શશલાઓને કરૂં.

પંખીઓ પુછેછે તે કેમ. કાગડો કેહેછે શાંભલો



દ્રષ્ટાન્ત

જલાડો ને શશા તાં કપીંજલ શશલાઓની.



કાગડો બોલો. એક વડના ઝાડ ઉપર હું રેહેતો હતો તેની હેઠલ દરમાં એક શશા નામે કરી શશલો રેહેતો હતો એક શમે તે શશલો ચારો કરવા ગઓ તે કેટલાએક દાહાડા શુધી બાહાર રહો તેટલામાં એક બીજો શશલો કપીંજલ નામે કરી તાંહાંઆવી શશાના ઘરમાં રહો. શશા પાછો આએવો તારે જુએ છે તો કપીંજલ ઘરમાં જરાણો છે તે ઠેકાણું મુકતો નથી ને ઉલટો વઢવા લાગો. તારે શશે કહું જાઈ આપણે કોઈ તીરાહીત પાશે જઈએ તે કેહેશે તે ઘરનો ધણી. પછી તે બેઉ નીકલા ને મારગમાં તેઓએ જોઈ કે નદીને કાંઠે એક ઘરડો જલાડો બેઠો છે.

તે મોહેથી રામરામ કહી બોલે છે.

આ શંશારમાં કંઈ શાર નથી. પશુ માતર બધી અનીત છે. ધરમ કરીએ તે જ શાથે આવશે. જીવ ઉપર ઉપકાર કરા જેવું પુન નથી. જીવને પીડા કરા જેવું પાપ નથી.

એવો તેને જોઈ તે શશલા તેની પાશે ગઆ. ને દુર ઉભા રહી પોતપોતાની હકીગત કેહેવા લાગા. તે બોલો હું કાને બેહેરો છઉં માટે પાશે આવી મારા કાનમાં કેહેશો તો જે ધરમ હશે તે કહીશ. જીવહીંશામાં પાપ જાણી મે ઘણા દાહાડા થઆ તે મુકી દઈ આંહાં બેઠો છઉં. માટે તમે મારી પાશેથી બીહીશો નાં. પછી તે શશલા તે પર વીશવાશ રાખી તેની પાશે ગઆ ને કાનમાં વાત કેહેવા લાગા તેઉને ઝાલી બલાડાએ તતકાલ મારી નાંખા.

તમને પણ આ વાગલા તેમ કરશે. તે શાંભળી શંધા પંખીઓ કેહેવા લાગા કે કાગડો જઈ કેહે છે તો આપણે બીજી વેલા મલીશું ને પછી જે રાજ કરવાનો ઠરશે તે કરીશું એમ કહી બધા ઉડી ગઆ. તે દાહાડાથી કાગડાનું ને વાગલાનું વેર પડું તે આજ શુધી ચાલું આવે છે. માટે આવા શાતરૂને તો કપર કરી ઠગો જોઈશે. જેમ એક બરામણને તરણ ઠગાએ ઠગો. મેઘવરણ પુછે છે તે કેમ. ચીરંજવી કેહે છે શાંભળ.



## કથા ૯

## બરામણને તરણ ઠગ.



કોઈ શમે બરામણે જગન શારૂ એક પશુ મેલવો હતો તે ખાંધા ઉપર લઈ ઘેર આવતાં મારગમાં એક જણે ભુખે મરતો હતો તેણે તેની પાશે માંગો ને કેહેવા લાગો કે આવે શમે તું મારો પરાણ રાખશે તો તને શો જગનનું પુન લાગશે. બરામણે તેને ધીકાર કરો ને ચાલતો થઓ તે શમે તાંહાં તરણ ઠગ હતા તેઉએ તે જોઉં તે પણ ભુખા હતા ને વીચાર કરવા લાગા કે આ નીરદઅને ઠગાડી આપણે એટલો પશુ પડાવીએ તો આપણું કામ થશે. પછી તેમાંથી એક ઠગ શામો થઓ ને બરામણને કેહે છે મહારાજ તમે બરામણ થઈને આ અપવીતર કુત.

રાજું પરેલ લઈ શું ચાલ્યો છો. બરામણ બોલ્યો રે શું
તું આંધલો છે રે જે આ મેંઢાને કુતરૂં કેહે છે. એમ ક
હી કેટલેક દુર ગયો તેટલામાં તેમાંથી બીજો ઠગ બે
ગલે રસ્તે લઈ બરામણને સામો આવ્યો ને તેને
કેહે છે કે બરમદેવ તમે ઘેલા તો નહી થયા. રે મુએ
લી વાછરડી કાંહાં લઈ જાઓ છો. તેને પણ ધીકારી
બરામણ આગલ ચાલ્યો. તેવારે ત્રીજો ઠગ રસ્તા
માં ઉભો રહીને કેહે છે કે દેવતા આ શું રે ગધેડાને
અડકીએ નહી તે મુએલું તમે ખાંધે ચડાવેલું છે આ
તમારૂં બરામણપણું કીઆ ગામનું માટે એને મુકી
દો. તારે બરામણે વીચારૂં કે આ પશુને તરણ જણા
એ તરણ રૂપે દીઠો તો આ કોઈ બરમરાખસ તો
નહી હશે કે નાના પરકારના વેશ દેખાડે છે એમ મ
નમાં લાવી તેણે તે હેઠલ નાંખી દીધો. ને દોડતો જ
પોતાને ઘેર ગયો. પછી તે પશુને લઈ ઠગોએ પોતા
નું કામ કરૂં.

માટે હે મેઘવરણ કહું છઉં તે કર. હું તારી સા
થે બોલુંજ વઢવા માંડીશ તારે તું સંધા કાગડાઓને
કેહે કે હું સતરૂ સાથે મલેલો છઉં માટે સીખસા કર
વી જોઈએ એમ કહી તું મારી છાતીપર ચઢી બેસ
ને ચાંચ મારીને મારૂં લોહી કાઢી કેટલાંએક પર પ
ણ ઉખેડજે ને મને વડ હેઠલ અરધ મુએલો નાંખી
દેજે પછી તું ઠામ છોડી પરીવાર સમેત પાસેના પ



રવતપર જજે. આગલ જે કરવું તે સંધું હું ઠીક ક
રીસ. પછી મેઘવરણે તેમ કરૂં ને સંધા કાગડાઓ
ને લઈ પેલા પરવત પર ગયો. રાતે રાજા અરીમ
રદન પોતાની ફોજ લઈ આવ્યો. તેને કાગડા મલ્યા
નહી તારે વીચાર કરે છે એટલામાં ચીરંજીવી હલવે
હલવે વડ હેઠલથી બોલવા લાગો રે ભાઈઓ કાગ
ડાઓમાંથી જતા રહ્યા. તે આજ તમારાપર હલો કર
વા નીસરા હતા તેમેં વારા જે તેની સાથે ઝગડો
કરો તારે મને તમારી તરફનો માની લેઈએ મારૂ
રી આ દસા કરી. હવે જો તમે મારો પરતીપાલ કરશો
તો તમારે હાથે તે સંધાઓને મરાવીસ. તે સાંભલી
અરીમરદન વીસમે કરવા લાગો ને તેણ વડ હેઠલ પો
તાના પાંચ પરધાન. કરતાજસ. કરૂરાજસ. પરાકાર
કરણ. દીપતાજસ. અજે ચકરનાસ. તેઓને તેડી કેહે
વા લાગો કે આ આપણા સતરૂનો પરધાન આપણા
હાથમાં મલો છે એને શું કરીએ. ને હવે આપણે સત
રૂ સાથે સામ. ભેદ. દામ. ને દંડ. આ ચાર ઉપાયમાંથી
કહ્યો ઉપાય કરવો તે કહો. તેવારે કરતાજસ બો
લો સવામી સામ કરીએ. કરૂરાજસે કહું ભેદ કરવો.
ને દીપતાજસનું મત પડું કે લાલચ આપીએ. કહું છે.

જે લોભમાં પડો તે આપદા જેતો નથી બીલાડી
જેમ દુધ જુએ છે પણ લાકડી જોતી નથી.

પછી કરૂરાજસ કેહે છે મને તો એમ સુઝે છે.

કે લોભે કરીને રાજાને દંડ કરયો. કહુંછે.

પરાક્રમ કરાવીના ને રાજલક્ષ્મી મેલવી તેને રાજલક્ષ્મી નહી કહીએ.


પછી પ્રાકારકરણ નામે ઘરડો પરધાન હતો તે બોલ્યો રે આ થીરંજીવી આપણે શરણાગત એને રાજયો ઘટેછે. જેમ એક કપોતાએ કરું.

અરીમરદન પુછેછે તે કેમ. પ્રાકારકરણ કેહેછે શાંભલ.

---

## કથા. ૫

કપોતો કે જેણે શરણાગતને કાજે જીવ આપો.



કોઈ વનમાં એક પારધી ફરતો હતો તેણે એક કપોતી પકડી તે પાંજરામાં નાખીને જાએછે એટલા



માં શાંહાન પડીને મેહ લાગો તેણે કરીને અંધારું થ
રથઉં તારે તે પારધી એક મોટા ઝાડ હેઠલ ઉભો રહ્યો
ટાહાડે કરી કાંપેછે ને પેટમાં ભુખ લાગીછે પછી મેહ
રહ્યો તારે પારધી ઉંચું જોઈ બોલ્યો રે જે કોઈ આ ઝા
ડઉપર હોશે તેને હું શરણાગત છઉં તે મને આ ટાહા
ડ પાશેથી રાખે ને મારા પેટમાની અગની શાંતકરે
તે શાંભલી ઝાહાડઉપર કપોતો હતો તે દુખ કર
વાલાગો હે ભગવાન માહારી કપોતી પણ આવી આ
વી નહી તે હોતતો અમે આ અતીથીની શેવા કરત
તે વચન કાને પડતાંજ કપોતી પાંજરામાંથી બોલેછે
રે હું આ પારધીના પાંજરામાં પડીછઉં પણ તું તે કંઈ
મનમાં લાવીશ નહી તારાથી થાએ તે એની શેવા ક
ર. કાં કે શરણાગતનું દુખ દુર કરવા શરખું બીજું સુક
રત નથી. પછી તે કપોતાએ પોતાની ચાંચે કરીને
બાહારથી એક અંગારો આણો ને શુકાં પાતરાંપર
મુક્યો તે તાપે કરીને પારધીની ટાહાડ ગઈ. પછી તે પા
રધી તેની પાશે ભોજનની જાચના કરવા લાગો તે પ
રે કપોતો વીચાર કરેછે કે કેટલાક પુન પરાણીછે તે
દશાનું પેટ ભરેછે. કોઈ શોનું. કોઈ હજારનું. અને અલ્પ
ગીઆ પંખી પોતાનું પણ પેટ ભરતા નથી તો માહારી
પાશે આ શરીરછે આ કોઈ દાહાડે પણ જવાનું તો તે
આજ એને કામે લગાડીશ. પણ હું જાચકને મોઢામાં
થી ના નહી કહીશ. પછી તે પારધીને બોલ્યો તું મને ખા

ને તારો પરાણ રાખ. એમ કહી તે અગનીમાં પડો. તે
જોઈ પારધીને મોટી દલગીરી થઈ તેવારે તેણે કપો
તીને પાંજરામાંથી છોડી દીધી તેણે આહારની કલ
તાંત અગનીમાં પરવેશ કરો ને શતી થઈ બલી મુઈ.
પછી પારધીને તે દુખ શહ્યું નહી તારે તેણે મોટો અગ
ની કરીને તેમાં પોતાના શરીરનું હવન કરું તે તરણે
જણાં મરતાં અપાર દીવ શરીર પામીને સ્વરગે ગયાં
ને અજરામર સુખી થયાં.

માટે રે અરીમરદન શરણાગતને મારતાં ઘણું
પાપ છે તો એને આપણા કીલામાં માન આપી રાખી
એ ને એને હાથે શતરૂનો નાશ કરીએ. કહું છે.

ઘરનો ભેદુ મલાવીના ઘર હાથે આવવું કઠણ છે.
માટે જ રામચંદરજીએ બીભીશણને હાથમાં રાખી
લંકા પર જીત કરી. એવાં પરાકાર કરણનાં વચન શાં
ભલી દીપતાક્ષ બોલવા લાગો રાજા આ ચીરંજી
વી આપણો શતરૂ એને મારવો જ જોઈએ. કાંકે આ
પણે એક બીજાને દુખ આપેલું છે તે કોઈ દાહાડે પ
ણ શંભારશું ને એક બીજાનો ઘાત કરીશું. એક શા
પનું બરામણને વચન છે.

મેં તાહારા છોકરાને મારો તે તું કોઈ દાહાડે
પણ શંભારશે. ને તાહારા છોકરાએ માહારી ફેણ કુ
ચવી તે હું શંભારીશ. માટે રે બરામણ એકવાર જે પ
રીત તુટી તે ફરીથી શંધાતી નથી.



અરીમરદન પુછે છે તે કેમ: દીપતાક્ષ કહે છે
શાંભલ:

## કથા ૬

### હરીદત બરામણ અને શાપ.



કોઈ એક હરીદત બરામણ ખેતી કરીને પેટ ભ
રતો હતો તેણે એક દાહાડે પોતાના ખેતરમાં એક મો
ટો શાપ નીકલેલો દીઠો તેની આગલ એક વાડકામાં
દુધ લાવી મુકું: શાપે તે પીઈને બીલમાંથી પાંચ રૂપીઆ
લાવી વાડકામાં મુકા તે લઈ બરામણ શંતોશ પામો:
ને તે દાહાડેથી પછી નીત શાપને કાજે દુધ લાવતો ન
અ. ને પાંચ પાંચ રૂપીઆ ઘેર લાવતો જાય. એક શમે
તે બરામણને બીજે ગામ જવું પડું તારે શાપને દુધ મુ

કપારશાઈ તેણે પોતાના છોકરાને કહું. છોકરાએ જરે
રૂપીઆ નેઆ તારે તેની ખુશી કરી ને તેણે મનમાં
આણું કે આ શાપને મારીને તેની હેઠલ ધન છે તે જો
ઈ લઈએ. પછી બીજે દાહાડે તેણે એક શોરો હાથમાં
સંતાડો ને શાપને દુધ મુકવા ગઓ. શાપ આવી દુધ પી
વા લાગો તારે તેણે તેના માથાપર શોરો મારો તે ચુ
કો. પણ તેની ફેણા લગરીક દુઝથી તારે ક્રોધથી તેણે
તે છોકરાને દંશ કીધો એટલામાંજ તેનો પરાણ નતો
રહો. પછી તેનાં શગાંશબંધી આવીને તેનું દહન કરી.
બીજે ત્રીજે દીવશે તેનો પીતા આવેયો ને તે વરત
માન શાંભળી ઘણું દુખી થઓ ને દુધ લઈ પોતે શા
પના બીલપાશે ગઓ તારે શાપ તેને મોંહેથી કેહે
છે લાઠી મેં તાહારા પુતરને મારો તે તું શંભારશે ને
તેણે માહારી ફેણ દુઝથી તે હું શંભારીશ. મારે એ
કપાર પરીત તુરી તે ફરીથી શંધાતી નથી. પછી વ
કરનારો કહે કે અરીમરદન તું દીપતાજરાનું શાંભલી
શમાં રે ચીરંજીવીને મારયો નહી. તેનું ને કગઠઓ
તું એર પડું છે તો તે એક બીજાનાં મરમ બોલશે તેથી
આપણું કામ શેહેજ થશે. જેમ એક રાજ કન્યાનું કા
મ થઉં.

અરીમરદન પુછે છે તે કેમ. વકરનારા કેહે છે
શાંભલ.



## કથા. ૭

## રાજકન્યાને બે શરપ.



કોઈ રાજાની કન્યા હતી તે બાપને કઈ અમર
જાદ પબન બોલી મારે તેણે તે કંન્યાને એક જલંદર
રોગી શાથે પરણાવી તે રોગી એક રાજાનો પુતર હતો
રોગથી કંટાલો મારે પોતાનુ ગામ મુકી દેશાંતર કર
વા લાગો હુતો. કોઈ શમે તે રોગી ભરતારને લઈ
રાજકુંના દેશ ફરે છે તે મારગમાં એક ઠેકાણે ઉત
રાં તાંહાં રોગીને નીદ આવી તેવારે તેના મોઢામાં
થી એક શાપ નીશરો તે ઠેકાણે કોઈ બીજો શાપ હે
રી તે પણ એચીતો બીલમાંથી બાહેર નીશરો તારે
તે બેઉજી એક દરશારી થતાંજ વઢવા લાગા ને એક
બીજાના મરમ કાહવા લાગા. બીલમાંનો શરપ મોઢા

માંહેલા શરપને કેહેછે રે તું આ રાજપુતરના પેટમાં
રહીને તેને દુખ આપેછે તો તારો નાશ કરવો શેહેલ
છે એણે જેશની છાશમાં શુંઠ ઘશીને પીધી તો તું મ
રીજશે. પેલો બોલો તારા બીલમાં તાપેલું તેલ રેડું તો
તું મારો જશે ને તારા આશાન હેઠલ ધન છે તે તારા મા
રનારને હાથ લાગશે. હવી બોલાચાલી થઈ તે રાજકું
વરીએ ઝરુખે રહીને શાંભળ્યું ને પેહેલાં તે ઓશડ કરે તે
થી મોરી શારો થઓ પછી બીજા શરપના બીલમાં તા
પેલું તેલ રેડું ને ખોદી જોઉ તો ધન પણ મલ્યું. માટે આ
ચીરંજીવીને રાજયોગ ઘટેછે. પછી તે ચાગલા તેજે
પોતાના કીલામાં લઈગઆ ને કહું અમે તને જીવત
દાન આપું ને આશરો પણ આપોછે તો હવે તાહારી
અશલાઈ ને હોશે તે દેખાડજે. ચીરંજીવી બોલોજી
રજને અંતે દીશશે. હું અમશતો મોઢેથી બોલું નહીં.
પછી તે ચીરંજીવીએ તેઉનો કીલો જોઓ ને આવવા
જવાનો મારગ હુતો તે ધ્યાનમાં રાખી બીજે દાહાડે
મેઘવરણ રાજપાશે આવેયો ને તેને શંધું પરતમા
ન કહી વીનંતી કરી શવામી હવે તમે ફોજને હુકમ ક
રોકે શંઘા એક એક લાકડી ચાંચમાં લઈ ચાલે ને શ
ત્રુની ગુફાનું દ્વાર છે તેમાં નાંખી ઢગલો કરે. હું આ
ગની લાવીને શલગાવી દેઊ છઊં એટલે શંઘા ચા
ગલા એક કાલે જલી મરશે. પછી તેઉએ તેમ કરતાં
જ ચાગલા નાશ પાંમા.

---



વીશણુશરમા પંડીત રાજપુતરોને કેહેછે રેત
મુને પણ શાતશેવી શે ઘણું શાવધાન રેહેવું જોઈએ.
નહીં તો ચાગલાની પેરે નાશ પામશો.

---

## તંતર ચોથું.

## લબધપ્રનાશ.



વીશણુશરમા રાજપુતરોને કેહેછે હવે હું ત
મુને લબધપ્રનાશ નામે ચોથું તંતર કહું છું તેના પેહે
લા શલોકનો આ અરથ છે.

જે આવી પડું તેનો ઉપાએ કરેછે ને ઘભરાતો
નથી તે શંકટમાંથી પાર પડેછે. જેમ એક વાનર જલ
માં ગએલો બાહાર આવેયો.

એક કથા એમ છે કે એક ઠેકાણે શમુદરને કાંઠે એક જાંબુનું ઝાહાડ હતું ને શદા ફલતું રેહે તે ઉપર એક રકતભુજ નામે વાનરો કુટંબ શાથે રેહેતો હતો કોઈ શમે તે ઝાડ હેઠલ પાણીમાંથી એક કરાલમુખ નામે મગર આવ્યો તેવારે વાનરાએ તેને પરોણો જાણીને જાંબુનાં ફલ આપાં તે અમરત શારખાં ફલ ખાઈ મગરે ઘેર જઈ બાએડીને કહું. પછી તે મગર દાહાડી આવે ને વાનરા શાથે શુલાજીલ વાતો કરે. વાનરો પણ તેને નીત જાંબુનાં ફલ આપે તે ખાઈ બાકીનાં લે પોતાને ઘેર લઈ જએ ને બાએડીને આપે. એક શમે બાએડીએ પુછું રે ભરતાર ને આ અમરત શારખાં ફલ નીતે ખાતો હશે તેનું કાલજું પણ અમરત શારખું ન હશે તો જે હું તાહારી વાહાલી હઈશ તો કંઈ પણ કરીને તે વાનરાનું કલેજું પણ મને ચખાડ ને તે ખાધેથી આપણ બેઉ અમર થાશું ને ઘણાં વરશ લગણ કથી શંશારના ભોગ ભોગવશું. મગરે તેને ઘણી શમજાવી કે તું આ ઘેલી વાત છોડી દે પણ બાએડીની જાત ને હઠ લીએ તે છોડે નહીં. કહું છે.

મુરખ પુરુશ. બાએડી. કરચલા. માછલાં. અને દારૂપાન પુરુશ. એઉએ ને એકવાર લીધું તે છોડતા નથી. પછી તે તેને કેહે છે રે મેં તાહારું શંધું જાણું. તું તે વાનરાની બાએડી શાથે લાગો છે માટે તેને તાંહાં જાજો દીવશ જઈ બેશો છે હવે તને માહારું શું કાં



મ. તો હું પણ મારો પરાણ આપું છઉં. મગર બીચારો તેને પગે પણ પડે તો એ તે શમજે નહીં ને અપવાશ કરતી બેઠી. એટલે લાચાર થઈ ચીંતાતુર એવો તે પેલા વાનરા પાશે ગયો તેણે પુછું રે મારા મીતર આજ તું કંઈ ફીકરમાં છે એવું દીશે છે. મગર બોલો ભાઈ બાએડીએ મારો ધીકાર કરો કે એટલા દાહાડા તારાં જાંબુ ખાઈને મેં તને એકવાર પણ જમવા તેડો નહીં તો હવે તને મારા ગરીબને ઘેર આવવું જોઈએ. વાનરો બોલો તેં શાચું કહું પણ પાણીમાં મારાથી કેમ અવાશે તું તારી બાએડીને જઈ આંહાં લાવ. મગર બોલો રે તેની શી ચીંતા હું તને માહારા વાંશાપર લઈ જઈશ. મારું ઘર શમુદરમાં શુકા ઠેકાણાપર છે માટે તુંને કંઈ અડચણ પડશે નહીં. વાનરે કહું શારું. પછી તે વાનરને વાંશાપર લઈ મગર મોટા પાણીમાં ગયો તેવારે તેણે વીચારું હવે એ મારા હાથમાંથી જઈ શકશે નહીં તો એને ખરી વાત કહું કે દેવતાનું શમરણ કરી પોતાનું શારથક કરશે. એમ વીચારી પછી મગરે યથાશથીત વારતા વાનરા આગલ કહી. તે શાંભલી વાનરો ઘાભરો ન થયો. ને ધીરજ રાખી મગરને કેહે છે રે ઘેલા તેં મને આવતાં તાંહાંજ કેમ નહીં કરી રે અમે વાનરા પોતાનું કલેજું શાથે રાખતા નથી તે તો પેલા ઝાહાડ પર એવું શુપત રાખું છે કે કોઈને ખબર પડે નહીં. ને એક તો શું

પણ હું તને દશાકસેલનં જોઈએ તો આપું. તુને તારી બાએડી મને પારકાં નથી. મગર બોલો ભાઈ એમ છે તો ચાલો પાછા. પણ મને તેરસું આપને હો. નહી તો મારી બાએડી જય આપશે. વાનરો બોલો તેતારે કેહેવું નપડે તે તારી બાએડી ને મારી ભોજાઈ. પછી તે મગરે વાનરાને પાછો ઝાડપાશે લાવી મુકતાંજ વાનર ઝાડપર ચડી બેઠો ને પોતાના કુટંબને મલે છે તેને હેઠલથી મગર બોલવા લાગો ભાઈ વેહેલો થા. નહી તો તારી ભોજાઈ મરી જશે. વાનરાએ કહું રે મુરખ રે વીશવાશ ઘાતકી તુને ધીકાર છે રે કલેજું વલી કોઈ ઝાડપર રાખતો હશે. ને ઘેલ શોક. વલી તારૂં મોહોડું મને નહી દેખાડજે. તેવારે હાથમાંથી વાત ગઈ જાણીને પાછો મગર તેને કેહે છે રે ભીતર મેં તાહારી ઠઠ્ઠી કરી. એવું વરી કાંહાં થશે કે તારા ઉપકારને હું તારો આવડો અપરાધ કરીશ. વાનરો બોલો હાહા હું ઘેલો નહી કે હવે તારો વીશવાશ કરૂં. ગંગદત દેડકાનું એક ગરોલીને વચન છે તે શાંભલ.

તુંજો ને તુંએ તે પાપ કરશે. કઈરને દઆન હી આવશે. મારે રે ગરોલી પ્રીઅદરશનને કેહે કે ગંગદત વલી કુવામાં આવશે નહીં.


મગર બોલો આ કેહેવી કથા છે તે મને કેહે. પછી વાનરો કેહે છે.

---



## કથાની

### પ્રીઅદરશન શાપ ને ગંગદત દેડકો.



કોઈ કુવામાં ગંગદત નામે કરીને દેડકાઓનો રાજા ઘણાએક દેડકાશમેત રેહેતો હતો કોઈ શમે તેની ને તેના ભાઈઓની વઢવાડ થઈ તેઉએ તેને કુવામાંથી બાહાર કાહાડી મેલો તે મારગે જતો હતો તેવારે તેણે એક કાલો શાપ બીલમાં જતો દીઠો તેને હાંક મારી કેહે છે રે પ્રીઅદરશન રે પ્રીઅદરશન. વલજ મારી વાત શાંભલ હું તને શરણ છઉં. તુ મારી શાથે વેલા કુવામાં ચાલ ને મારા શતરૂઓને માર. તેમાં માહારૂં ને તારૂં પણ કામ થશે. પ્રીઅદરશને કહું શારૂં. તેવારે તે ગંગદત રેંહેટના ગાડવામાં બેશાડીને પ્રીઅદરશનને વાવડીમાં લઈ ગઓ

पछी जेने जेने गंगदत्ते देखाड्या तेने तेने ते शरपे खा
धा एम करतां एक दाहाडामां तेणे गंगदत्तना शंघा
शालई खाई नांख्या. पछी गंगदत्त तेने केहेवा लागो
लाई तें मीतरनुं काम कीधुं हुं ताहरो घणो आभारी
थयो हवे तुं तारे ठेकाणे जा. शरप बोलो हवे हुं कां
हां जाउं. मारा बीलमां कोई बीजो शाप पेठो हशे.
ने मने पण आ ठेकाणुं छोडवा गमतुं नथी. गंगद
त बोलो तो इहां रहीने तुं शुं खाईश. ते बोलो. शुं
खाईश तारुं शघलुं कुटंब खाईश. नहीतो मने नी
त एक एक देडको आपतो जा तेमां हुं मारी गुजरा
न करीश. तेयारे गंगदत्त लाचार थयो ने ते वात क
बुल करी. कहुं छे.

थोडुं लईने शंघुं रेहेतुं होए तो राजी जे शघ
लानो नाश करतां अरधानो नाश बेहेतर छे.

पछी गंगदत्त ते शापने नीत एक देडको आपे.
ते खाई पेलो नजर चुकावीने बीजाओने पण खातो
जाय एम करतां एक दाहाडे तेणे गंगदत्तना छोक
राने खाधो पछी लाईने खाधो ने शरवे शगांवाहा
लांने पण खाई नांख्या. पछी ते गंगदत्तने केहे छे ला
ई तुं मने अहीं लावी फशाडो छे तो कोई बीजा कुवामां
जा. ने तांहांथी देडकाओने फुशलावीने अहीं आंला
व. गंगदत्ते कहुं शारुं ने तांहांथी पोतानो जीव लईने नाश
री ते बीजा कुवामां जई रहो ते पाछो आव्यो नहीं.



तेयारे प्रीअदरशने तांहां एक गरोली रेहेती हती
तेने कहुं खाई तुं जई गंगदत्तने केहे जे हुं तेनी वाह
जोउं छउं. गरोली बाहेर आवीने गंगदत्तने शोधी
काहाडी तेने केहेवा लागी के गंगदत्त चाल तने प्रीअ
दरशन तेडे छे बीजा देडका नहीं आपता हशो तो तुं
एकलोज चाल. तारावगर तेने शुज पडतुं नथी.
माटे तुं बीहीशमां तेणे धरमनी शोगण लीधी छे
तने मारशे नहीं. गंगदत्त तेने बोलो.


भुखो पाप शुं नहीं करे. करेरने दआ नहीं आ
वे. माटे रे गरोली तुं जा हुं आवतो नथी.

माटे रे घातकी मगर तुं तारे मारगे जा. हुं
नथी आवतो. मगर बोलो रे तो शुं तुं मारा उप
र मीतर घातनो दोश नांखे छे हुं ते तारुं नहीं शां
भलीश. ने जो तुं मारी शाथे नहीं आवेयो तो ता
रा पर मारो प्राण आपीश. वानरो हशीने बोलो
रे तें शुं मने लंबकरण गधेडो दीठो के जेणे एक वे
ला जपाय जई घली पण तांहां जई मरण पामो.

मगर पुछे छे ते केम थउं. वानरो केहे छे शां
भल.

## કથા. ૨

## લંબકરણ ગધેડાની.



એક વનમાં કરાલકેશર એવે નામે શીંહ રેહેતો હતો તેનો શેવક ધુશર નામે કરી એક શીઆલ હતો. કોઈ શમે શીંહને દીસે કરાર નોહોતો તારે તેની આગનાપરથી તે શીઆલ વનમાં પશુને જોતો ભમે છે તાંહાં તેણે એક ગધેડો દીઠો તેને કહે છે કે મામાજી નમશકાર કરૂં છઉં તમે એમ દુબલા કેમ દીશો છો. તે બોલો રે ભાણેજ મારો ધણી ધોબી મને ઘણું દુખ દીએ છે અને પેટ ભરીને ખાવાનું પણ આપતો નથી. શીઆલ બોલો તો ચાલો મારી શાથે ને પેલા વનમાં નદીને કાંઠે કુમલું કુમલું ખડ છે તે ખાઈ શુખેથી રહો. ગધેડે કહું રે મહને એકલાને



તાહાં ચેન કેમ પડશે. શીઆલ બોલો તારા શરખી દુખની મારેલી તરણ ગધેડીઓ તાંહાં ગઈઓ છે તેને પરણી એ છે તો તે તને વરશે. પછી તમારાં લાએગ કોણ વજાણશે. ગધેડાએ તે શાંચું શાચું માનું ને શીઆલની શાથે ગઓ. તે આવતાંજ શીંહીને ઊતાવલ થઈ ને તેણે છલંગ મારી તે થોડી ચુકી તેટલામાં ગધેડો નાહાશી ગઓ. પછી શીંહીએ પશતાવવા માડું તેવારે શીઆલ બોલો હું તેને વલીએકવાર લાવીશ પછી જો તમે નહી મારશો તો તમે જણો. એમ કહી ફરીથી શીઆલ ગધેડા પાશે ગઓ. તેને ગધેડે બોલો રે ભાણેજ તેં મને મારવાનો ઊપાઅ કરો હતો. શીઆલ હશીને બોલો મામા તમે શાઈં કામ નહી કરૂં રે તે ગધેડી તમને હેતથી આલીંગન કરવા આવી એટલામાંજ તમે નાહાશી ગઆ હવે તે અપપાશ કરતી બેઠી છે ને જો મરશો તો તે હતીઆ તમપરીઊપર. તમને તેના હાથ કઠણ લાગા હશે તે પેલા ખડને પાણીનો ગુણ. તમે પણ એક વાર તે પાંણી પીશો તો તેવા થશો. મારે ઘેલા નથાઓ. ને તાંહાં ચાલો. ગધેડો બાએડીના લોભથી વલી તાંહાં ગઓ. તે જતાંજ શીંહી તઈઆર હતો તેણે એક ઝાપટે મારી નાખો. પછી શીંહી નદીપર અશનાન કરવા ગઓ. તેટલામાં શીઆલે તેનું હૈઉં ખાધું. ને શીંહી પુછવા લાગો તાહારે તેને બોલો માહારાજ હેને હઈઉં


નો હોતું તે હોત તો એ તમારા શપારામાં વલી આ
પત નહીં.

મારે રે મગર હું તે ગધેડા શરખો મુરખ નથી.
જીન્નું રે મુરખ તેં પેહેલાં મારી શાથે કપટ કરીંને પછી
જઈં બોલ્યો તો તેં તારે હાથે તારો શપારથ જગાડો.
જેમ એક યુધીશટર કુંભારે કરીં.

મગર પુછે છે તે કેમ. વાનરો કેહે છે શાંભલ.

કથા ૮

યુધીશટર કુંભારની.



કોઈ યુધીશટર નામે કુંભાર હતો તે એક વપ
ર દારૂની મશતીમાં છતાં કાચનું પાશણ ફુટેલું હતું તે
પર પડીને જખમી થયો તે જખમ શારી થઈ પણ ત




લ્યારના ઘાશરજી તેની નીશાની રહી. કોઈ શમે
તે પરદેશ ગયો હતો તાંહાં તેને રાજાના શેવકો
એ દેખ્યો ને પુછું કે તારા લલાટપર આ ઘાશાનો
છે તેણે કહું મને લડાઈમાં જખમ થઈ છે. તે વારે રા
જ શેવકોએ રાજપાશે તેની તારીફ કરતાં જ રાજા
એ તેને મોટો શરદાર કરો. એક શમે તે દારૂ પીને જ
ડવા લાગો તેમાં બોલી ગયો કે રે માહારાજ ઘોશ
જાણો કોણ છે કે દારૂની જખમ પડી તેને મેં તલવા
રની કહી ને રાજાને પણ ઠગો. તે શાંભલી રાજ શેવ
કોએ તે રાજાને કહું તારે રાજા શરમાયો ને થડો મ
શાથી તેણે તે કુંભારને કાઢી દીધો. કુંભાર રાજાને બો
લો મહારાજ મારી જખમ કાચથી થઈ એ વાત જ
રી છે પણ તમુને મારે પારખું જેવું હોએ તો મને શા
તરેપર મોકલો. રાજાએ કહું રે તું મોટો શુરો છે તો
અપણ ઈહાંથી જા. એક શાંહીની અશાતરીનું પથ
ન છે.

રે છોકરાનું શાહાણો છે. વીદીઆવાન છે
ને શુરો પણ છે. પણ જે કુલમાં તું પેદા થયો તે કુ
લમાં કોઈએ હાથી મારો નથી.

કુંભાર પુછે છે તે કેમ થઉ. રાજા કેહે છે રે
શાંભલ.

## કથા. ૪

## શીઆળનો છોકરો તેને શંહીએ છોકરો કરી પાળો.



એક વનમાં શંહીનું જોડું રેહેતું હતું. કોઈશમે તે શંહી વનમાં ફરેછે તેણે એક શીઆળનું બચું દીઠું તેને ઘેર લાવી પોતાની બાઈડીને આપું. તે બોલી રે ભરતાર જેને તેં મારો નહી તેને હું નહી મારીશ. મારા બે છોકરા છે તેમ એ તરીજો. એનો હું પરતીપાળ કરીશ. પછી તે શંહીની બાઈડીએ તેને પધારો. એકશમે તે તણ છોકરા વનમાં ગયા હુતા. ત્યાહાં તેઓએ એક હાથી દીઠો ત્યારે શંહીના છોકરાઓએ તેપર ચાલ કરવા માંડી. તે શમે શીઆળનો છોકરો તેઓને કેહેછે કે પાછા ફરો આ શતરૂના



હાથમાં લાગશો તો તે તમારા કડકા કડકા કરશે એમ કેહેતાંજ શંહીના છોકરા કચપાણ. કહુંછે.

શેનામાં જે એક શુરો હોએ તો તેને લીધે બધી શેનાને હીમત થાએછે ને એક જે નામરદ હોએ તો શંઘી શેના નશાડેછે.

પછી ભાઈનાં વચન શાંભળી શંહીના છોકરા તેની શાથે નાશતા ઘેર આએવા ને તેઓએ બાપ આગળ તે વાત કહી. તેણે શીઆળના છોકરાનો ધીકાર કરો માટે તે કશારી ઘણોજ થયો તે શમે માએ તેને એકાંત કાહાડી ને બોલી તું કેશરી નથી. તે બોલો ભાઈઓએ માહારી ચાડી કરી તો હું તેઓને મારીશ તારે એંન લેછેશ. તે બોલી રે એમ માં કેહે મે તને પાળો જશે પણ તું ભતે શીઆળનો છોકરો છે માટે જેટલે શુધી માહારા દીકરાઓએ તારો મરમ જાણો નથી તેટલે શુધી તું આંહાંથી નાહાશી જા. નહી તો મારો જશે તે શાંભળી શીઆળ નાહાશી ગયો. માટે રે કુંભાર મારા છોકરાઓએ તુને કુંભાર નથી જાણો તેટલે શુધી તું આંહાંથી નાહાશી જા. પછી તે કુંભાર નાહાશી ગયો.

વાનરો મગરને કેહેછે તેં પોતાને હાથે તારો શપારથ બગાડો તે હવે શાચવા માગેછે પણ તેની આશા મુકને. રે મેં તને કેહેલું એ કહું તોએ તું અંતે તારી ભલપર ગયો. કહુંછે.

શુરજને પરણી નહી. નહી મેઘને ને પરવતને. પણ ઉંદરડી ઉંદરને પરણી તારે જ શુખી થઈ.

મગર પુછે છે તે કેમ. વાનર કેહે છે શાંભળ.

## કથા. ૫

## ઉંદરડી.



કોઈ બરામણ વનમાં તપ કરતો રેહેતો હતો એક શમે એક શમડી ઉંદરડીને લઈ ઉડતી હતી. તે તેણે જોઈ તારે તેને પથર મારી તેના હાથથી તે ઉંદરડી છોડાવી. તેવારે શમડી બરામણને કેહે છે રે તું ધરમને નથી જાણતો. બરમાએ જેનો તેને આહાર લગાડી આએલો છે જેમ તમારે અંન પર તેમ અમારે પણ ઉંદરડીને મીંજ જ્યબંત પર પેર લરયું. ને હું ને



શાપ કરતી હતી તો એ પણ જે તું શાધુ હોત તો મને મારત નહી. કહું છે.

શાલઈને મીતર પર ને શમાન. તેને શુનું ને મારી શરજી. ને શારાને માઠા માણશો પર શર જીઉ કીરપા રાખે છે તે શાધુ જાણવો.

માટે તુંને મારી વાતમાં પડવા ઘટતું નોહોતું. હવે તે ઉંદરડી મને પાછી આપ કે તેને ખાઈ મારો જીવ રાખું. બરામણ બોલ્યો રે પાપી તું જા. નહી તો તને શરાપ આપી બશમ કરીશ. ધરમ અધરમ હું તારાથી વધતો જાણું છું. પછી તે શમડી બીહી ગઈ. બરામણે ઉંદરડીને પોતાના તપના બલે કરીને મનીશનું સ્વરૂપ આપી પાલી તે જારે પરણવા જોગ થઈ તારે બરામણે વીચાર્યું કે હવે હું એને મનમાનીતો વર કરી આપું. કહું છે.

કંના વર સ્વરૂપનો ઈછે છે. માતા ધરેણાને. પીતા વીદીઆને. બાંધવ કુલજાતને ને બીજા લોકો મીઠા ભોજનને.

માટે એને જો શુરજ બરાબર ગમશે તો તેને અહીંઆં તેડીને એની શાથે પરણાવીશ. પછી બરામણે શમરણ કરતાંજ શુરજ પુરૂશનો વેશ ધરીને આવ્યો. તેને જોઈ ઉંદરડી કેહેવા લાગી એનું તેજ મારથી ખમાતું નથી. તેવારે બરામણે મેહને તેડો તે તાઢો માટે ઉંદરડીએ પશંદ નહી કરો તારે પછી

વાળીને તેડો તે ઊંદરડીને યંધલ પડે. પછી પરવતને
બોલાવ્યો તે કહણ માટે તને. ત્યારે જરામણે પુછ્યું
ન્યાંય પરવત તારા કરતાં પણ મોટો કોય હોશે તો
કહે. તે બોલ્યો મારા કરતાં મોટો ઊંદર ને મારા શાર
જા કહણ ને પણ ખોદે છે. પછી જરામણે તેને તેડો.
ત્યારે તેને જોઈ ઊંદરડીનું મોહોડું પરશન થઈને કહે
વા લાગી પીતાજી એનું શરૂપ ને શભાવ મને ગમે.
તે જોઈ જરામણ મનમાં જાદુ થયો ને છોકરીને પાછી
ઊંદરડી કરી ઊંદર શાથે પરણાવી. કહું છે.

જાએડી છે તે પોતાના મનગમતા વરને લુએ
છે. શુનાને અથવા રતનને અથવા શાહેબીને જોતી
નથી.

માટે રે મગર જેમ આ ઊંદરડીએ દેવપણું છો
ડી પાછી પોતાની જાતમાં ગઈ તેમ તું પણ તારી જા
તના શભાવ પર ગયો ને તું જાએડીના કહ્યા પર આ
માહા દોશ કરવા આવ્યો હે છે તો તને શુરજને ધીકાર છે
એક જરામણનું વચન છે.


જેને કાને મેં પોતાનું કુલ છોડું. અરધું આઊ
શ પણ આએલું તે જાએડી મને છોડીને પારકા પાશે
ગઈ માટે જાએડીની જાતનો વીશવાશ કોણે કરવો.

મગર પુછે છે તે કેવી કથા છે તે કહે. વાનર બો
લો શાંભળ.



## કથા ૬

